નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :14 FEBRUARY 2025 | FRIDAY | Page :8 | Year : 2 | Issue :267 | Price: 2/-


સામના મિરર

Dt.14/2/2025 FRIDAY 04

ગુજરાતમાં UCC લાગુ કરવાની તૈયારીઓ, ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ, સ્વતંત્ર ભારતનું પ્રથમ રાજ્ય

ગુજરાતમાં ઞઈઈ લાગુ કરવાની તૈયારીઓ, ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

જુઓ પેજ નં.૩



## વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના અમેરિકાના પ્રવાસે

# ‘ભારત-અમેરિકા વેપારને ૨૦30 સુધીમાં બમણો કરીશું’,: મોદી

## મોદી મારાથી ઉત્તમ નેગોશિએટરઃ ટ્રમ્પ

### ભારતને F-35 ફાઈટર જેટ આપવા અમેરિકા તૈયાર; મુંબઈ હુમલાના દોષી તહવ્વુરના પ્રત્યાર્પણને મંજૂરી

### રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિવેદનના ૭ મહત્વપૂર્ણ મુદ્દા

- મુંબઈ હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત મોકલવામાં આવશે.
- ઈસ્લામિક આતંકવાદ સામે સાથે મળીને લડીશું.
- ભારત એશિયા પેસિફિક માટે એક મહત્વપૂર્ણ દેશ
- ભારતને ઓઈલ અને ઊર્જા સપ્લાય કરવા સંમત થયા છીએ
- અઈ ડેવલપમેન્ટ માટે સાથે મળીને કામ કરીશું.
- ભારત સાથે અમેરિકાની વેપાર ખાધ ઘટાડવા અંગે એક કરાર થયો.
- ભારત સાથે ડિફેન્સ બિઝનેસનો વધુ વિસ્તાર કરીશું



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ઉર્જા એશિયામાં તબાહી ફેલાવશે



ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપના ઝાટકા આવવાનું પ્રમાણ વધી ગયું છે. ખાસ કરીને દિલ્હી - એનસીઆરમાં ભૂકંપના આંચકા વધુ આવી રહ્યા છે. આ મુદ્દે ઘણાં સંશોધન થઈ રહ્યા છે. તેના પરથી સ્પષ્ટ થયું છે કે હિમાચલ ક્ષેત્રમાં થઈ રહેલી ટેક્ટોનિક પ્લેટની ઉથલપાથલ આ ભૂકંપો માટે જવાબદાર છે. ભારતના વિવિધ વિસ્તારોને ભૂકંપના સંદર્ભમાં સંવેદનશીલ ઝોનમાં વહેંચવામાં આવેલા છે. તેમાં દિલ્હી, એનસીઆર અને તેની આસપાસના વિસ્તારો ઝોન-૪માં આવે છે. તે ખાસ્સા સંવેદનશીલ વિસ્તાર ગણાય. તેની નીચેની ટેક્ટોનિક પ્લેટ્સ પણ હલી રહી છે અને તેના ખસવાના કારણે જ ભૂકંપના નાના-મોટા આંચકા અનુભવાઈ રહ્યા છે. તેનું ઉદાહરણ જોઈએ તો થોડા દિવસ પહેલાં જ ઉત્તર ભારત ઉપરાંત નેપાળ, ચીન, તિબેટ, ભૂતાન અને બાંગ્લાદેશમાં એક સાથે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર તિબેટ હતું, જ્યાં ભૂકંપની તીવ્રતા ૭.૧ની તીવ્રતા માપવામાં આવી હતી. અહીં ૧૨૫થી વધુ લોકોના જીવન ગયા હતા અને મોટાપાયે ખાનાખરાબી થઈ હતી. જાણકારોના મતે હિમાલય ક્ષેત્ર અને હિંદુકુશ પર્વતમાળા એવાં ક્ષેત્રો છે જ્યાં ભૂકંપના આંચકા સૌથી વધારે આવે છે. સંશોધકો માને છે કે, ભારતની જમીન સતત ચીન તરફ સરકી રહી છે. તેના કારણે વારંવાર ભૂકંપ આવે છે. ઈન્ડિયન ટેક્ટોનિક પ્લેટ્સ ધીમે ધીમે ખસીને યુરેશિયન પ્લેટ્સ અને તિબેટિયન પ્લેટ્સ સાથે ટકરાઈ રહી છે. તેના કારણે જ ભારત અને તેના પાડોશી દેશોમાં વારંવાર આંચકા અનુભવાય છે. ભારતનાં પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયન ક્ષેત્રો અને રાજ્યોમાં પણ ભૂકંપ આવવા ખૂબ જ સામાન્ય થઈ રહ્યું છે. સંશોધકોના મતે ઈન્ડિયન ટેક્ટોનિક પ્લેટ્સ અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટ્સ વચ્ચે સતત અથડામણ થઈ રહી છે. તેનું પ્રમાણ વધશે તો આ ક્ષેત્રમાં ભવિષ્યમાં મોટાપાયે ભૂકંપો આવશે અને તેની તીવ્રતા પણ ઘણી હશે, જે ભયાનક ખાનાખરાબી સર્જી શકે છે.

સિસ્મોલિજકલ વિભાગના જાણકારોના મતે ઈન્ડિયન પ્લેટ ગતિ કરીને યુરેશિયન પ્લેટની નીચે જઈ રહી છે. તેના કારણે યુરેશિયન પ્લેટ ઉપર આવી રહી છે. તેનાથી ઈન્ડિયન પ્લેટ તૂટી રહી છે અને હિમાલય પર્વતમાળા ઊંચી આવી રહી છે. આ ફેરફારના કારણે જ હિમાલય વિસ્તારમાં ભૂકંપ આવવાની ઘટનાઓમાં એકાએક વધારો થઈ ગયો છે. સંશોધકોના મતે ઈન્ડિયન પ્લેટના ક્રસ્ટમાં મોટી તિરાડો પડી રહી છે. આ તિરાડો સામાન્ય નહીં પણ ૧૦૦થી ૨૦૦ કિમી જેટલી લાંબી છે. આ તિરાડો એટલી મોટી થઈ રહી છે કે, ભવિષ્યમાં તિબેટના ભાગલા પણ કરી શકે છે. આ સિવાય ભારત, નેપાળ, ભૂતાન અને ચીનમાં પણ મોટું નુકસાન થઈ શકે છે.

ભૂવૈજ્ઞાાનિકોના જણાવ્યા પ્રમાણે દિલ્હી-એનસીઆર અત્યંત સેન્સિટિવ ઝોનમાં આવે છે. ભૂકંપની સંવેદનશીલતા અને મોટી તીવ્રતાના ભૂકંપની આશંકાના આધારે જે ઝોન નક્કી કરાયા છે તેમાં ચોથા ઝોનમાં દિલ્હી-એનસીઆર આવે છે. આમ જોવા જઈએ તો દેશના પાંચ ઝોનમાં ચોથા અને પાંચમા ઝોનમાં જોખમ વધારે છે. દેશના પાંચમાં ઝોનમાં દેશના કુલ જમીન વિસ્તારનો ૧૧ ટકા ભાગ આવે છે. તેવી જ રીતે ચોથા ઝોનમાં કુલ જમીનનો ૧૮ ટકા અને ત્રીજા તથા બીજા ઝોનમાં કુલ ૩૦ ટકા વિસ્તાર આવે છે. અહીં આગામી સમયમાં ૮ની તીવ્રતા સુધીનો ભૂકંપ આવવાની શક્યતાઓ દેખાઈ રહી છે. ખરેખર જો આટલી તીવ્રતાનો ભૂકંપ આવ્યો તો મોટા પાયે ખાનાખરાબી સર્જાશે. તેનાથી પણ સૌથી ખતરનાક ઝોન-પાંચમાં હિમાલય ક્ષેત્રમાં આવતી કાશ્મીર ખીણ, હિમાચલ પ્રદેશનો પશ્ચિમી ભાગ, ઉત્તરાખંડનો પૂર્વ ભાગ, ગુજરાતનું કચ્છનું રણ, ઉત્તરી બિહાર, ભારતનાં પૂર્વોત્તર રાજ્યો, આંદામાન-નિકોબાર દ્વીપસમૂહોનો સમાવેશ થાય છે. ઝોન-ચારમાં દિલ્હીની નીચે પ્લેટ્સ સતત હાલી રહી છે. તેનું કારણ એ છે કે, હિમાલયની ટેક્ટોનિક પ્લેટ્સ સતત અથડાઈ રહી છે. હિમાલય પ્લેટ્સની અસર ધરાવતા વિસ્તારોથી દિલ્હી માત્ર ૨૫૦ કિ.મી. જ દૂર છે તેથી અહીં ભૂકંપ વધારે આવે છે.




# ટ્રેડથી માંડી ટેરરિઝમ સુધી... ટ્રમ્પની અનેક મોટી જાહેરાતો

વ્હાઈટ હાઉસ ખાતે દ્વિપક્ષીય વાટાઘાટો પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી, જ્યાં તેમણે બંને દેશો વચ્ચે થયેલા મહત્વપૂર્ણ કરારો વિશે માહિતી આપી હતી અને પત્રકારોના ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. પીએમએ કહ્યું કે ૨૦૩૦ સુધીમાં આપણે ભારત-અમેરિકા વેપાર બમણો કરીશું. તે જ સમયે, ટ્રમ્પે પીએમ મોદીને પોતાના કરતા વધુ સારા વાટાઘાટકાર એટલે કે નેગોશિએટર ગણાવ્યા.સંયુક્ત પત્રકાર પરિષદમાં પીએમ મોદીએ કહ્યું, સૌ પ્રથમ, હું મારા પ્રિય મિત્ર પ્રમુખ ટ્રમ્પનો તેમના અદ્ભુત સ્વાગત અને આતિથ્ય માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. પ્રમુખ ટ્રમ્પે તેમના નેતૃત્વ દ્વારા ભારત-અમેરિકા સંબંધોને ઉછેર્યા અને જીવંત કર્યા છે. અમે આતંકવાદ સામે લડવામાં સહયોગ કરીશું. સરહદ પારના આતંકવાદ સામે કડક કાર્યવાહીની જરૂર છે. ૨૬/૧૧ના આતંકવાદી તહવ્વુર રાણાના પ્રત્યાર્પણનો નિર્ણય લેવા બદલ હું રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભારી છું. આપણી અદાલતો તેને ન્યાય અપાવશે. પીએમ મોદીએ કહ્યું, 'અમારું માનવું છે કે ભારત અને અમેરિકાની એકતા અને સહયોગ એક સારી દુનિયાને આકાર આપી શકે છે.'

## ભારત વિકાસ તરફ આગળ વધી રહ્યું છેઃ પીએમ મોદી

પીએમ મોદીએ કહ્યું કે અમેરિકાના લોકો રાષ્ટ્રપતિ ટ્રમ્પના સૂત્ર, 'મેક અમેરિકા ગ્રેટ અગેન' એટલે કે 'ખઅત્રઙ્મઅ' થી પરિચિત છે. ભારતના લોકો પણ ૨૦૪૭ માં વિકસિત ભારતના દ્રઢ સંકલ્પ સાથે વારસા અને વિકાસના માર્ગ પર વિકાસ તરફ ખૂબ જ ગતિ અને શક્તિ સાથે આગળ વધી રહ્યા છે. અમેરિકન ભાષામાં, વિકસિત ભારતનો અર્થ થાય છે ભારતને ફરીથી મહાન બનાવો, એટલે કે 'ખઈત્રઙ્મઅ'. જ્યારે અમેરિકા અને ભારત સાથે મળીને કામ કરે છે, એટલે કે 'ખઅત્રઙ્મઅ' અને 'ખઈત્રઙ્મઅ', ત્યારે તે બને છે - 'સમૃદ્ધિ માટે ખઊત્રઙ્મઅ ભાગીદારી'. અને આ મહાશક્તિ આપણા લક્ષ્યોને નવો વ્યાપ અને અવકાશ આપે છે. પીએમએ કહ્યું, 'ભારતની સંરક્ષણ તૈયારીઓમાં અમેરિકાની મહત્વપૂર્ણ ભૂમિકા છે.' વ્યૂહાત્મક અને વિશ્વસનીય ભાગીદારો તરીકે, અમે સંયુક્ત વિકાસ, સંયુક્ત ઉત્પાદન અને ટેકનોલોજીના ટ્રાન્સફરને સક્રિયપણે અનુસરી રહ્યા છીએ. આજે આપણે ઝછઅજઝ પર સંમત થયા છીએ, એટલે કે વ્યૂહાત્મક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંબંધોમાં પરિવર્તન. આ અંતર્ગત, મહત્વપૂર્ણ ખનિજો, અદ્યતન સામગ્રી અને ફાર્માસ્યુટિકલ્સની મજબૂત સપ્લાય ચેઈન બનાવવા પર ભાર મૂકવામાં આવશે. પીએમએ કહ્યું, 'ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી લોકશાહી અને લોકશાહી મૂલ્યો અને પ્રણાલીઓને મજબૂત બનાવે છે.' આપણે ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ વધારવા માટે સાથે મળીને કામ કરીશું. આમાં ક્વાડની ખાસ ભૂમિકા રહેશે. આતંકવાદ સામેની લડાઈમાં ભારત અને અમેરિકા મજબૂતીથી સાથે ઉભા રહ્યા છે. અમે સંમત છીએ કે સરહદ પારના આતંકવાદને નાબૂદ કરવા માટે નક્કર કાર્યવાહી જરૂરી છે. સંયુક્ત પત્રકાર પરિષદની શરૂઆત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ભારત મુલાકાત અને પીએમ મોદીના આતિથ્યને યાદ કરીને કરી. તેમણે દેશોને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે એક માળખાની જાહેરાત કરી. ટ્રમ્પે કહ્યું કે આ વર્ષે અબજો ડોલરના વધુ સંરક્ષણ વેચાણ શરૂ થઈ રહ્યા છે. ક્વાડ અને ઈન્ડો-પેસિફિક મજબૂત બનશે.

# મણિપુરમાં લાગુ થયું રાષ્ટ્રપતિ શાસન



### મણિપુરના મુખ્યમંત્રી પદેથી એન. બિરેન સિંહે આપી દીધું હતું રાજીનામું

મણિપુરમાં બિરેન સિંહના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દેવાયું છે. મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે હિંસાને લઈને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બનેલી છે. ગત રવિવારે એન. બિરેન સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરીને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદથી નવા મુખ્યમંત્રીના નામ પર મહોર લગાવવા માટે ભાજપ નેતાઓની બેઠકનો દોર શરુ થઈ ગયો હતો. મણિપુર પ્રભારી સંબિત પાત્રા ભાજપના દિગ્ગજ નેતાઓ સાથે મીટિંગ કરી રહ્યા હતા. જો કે, હવે ક્ષેત્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દેવાયું છે.

મણિપુરમાં શાંતિ સ્થાપી શકે એવા મુખ્યમંત્રી મળવા મુશ્કેલ છે. એન. બિરેન સિંહે લાંબા સમય સુધી હિંસાચાર જોયા કર્યો હતો. તેમની પાસેથી રાજીનામું ઘણો સમય પહેલાં લઈ લેવા જેવું હતું. જો કે, બે પક્ષો વચ્ચે વેરઝેર મોટા પાયે વધી ગયા પછી તેમણે રાજીનામું આપ્યું હતું. મણિપુરમાં નવા રાજ્યપાલ એ. કે. ભલ્લાએ શપથ લીધા પછી મુખ્યમંત્રી બિરેન સિંહે રાજીનામું આપી દીધું હતું.

છેલ્લાં બે વર્ષમાં મણિપુરની હિંસાએ અનેકનો ભોગ લીધો છે અને આ શાંત રાજ્ય હિંસાચારની આગમાં લપેટાઈ ગયું છે. મણિપુરમાં અશાંતિ ઊભી થવા પાછળનું મુખ્ય કારણ નબળી રાજ્ય સરકાર હોવાનું જાહેરમાં ચર્ચાઈ રહ્યું છે. બિરેન સિંહે તોફાનીઓ સામે સમયસર પગલાં ભર્યા નહીં અને 'હોતી હૈ ચલતી હૈ'વાળી નીતિ અપનાવી. ભાજપના વિધાનસભ્યોમાં કોઈ મતભેદો નથી એવું રાજ્યના ભાજપ પ્રમુખ અધિકારી માયુમ શારદા દેવી વારંવાર કહી રહ્યા છે, જે શંકા ઉપજાવે છે. ભાજપના કેટલાક વિધાનસભ્યો દિલ્હીના મોવડીમંડળને મળીને બિરેન સિંહ વિરુદ્ધ નારાજગી વ્યક્ત કરી આવ્યા હતા.

અધિકારી માયુમ શારદા દેવીએ કહ્યું હતું કે, 'મુખ્યમંત્રી રાજ્યમાં શાંતિ ઈચ્છે છે અને તેમણે કેન્દ્રને પણ કહ્યું છે કે રાજ્યના નાગરિકો શાંતિથી જીવે તે માટે પગલાં ભરવા જોઈએ. જોકે લોકો જાણે છે કે બિરેન સિંહ રાજ્યમાં હિંસા રોકવામાં નિષ્ફળ ગયા છે.'

જણાવી દઈએ કે, મણિપુરની ૬૦ સભ્યોની વિધાનસભામાં ભાજપના ૩૭ સભ્યો છે, પરંતુ ગઈ મે ૨૦૨૩થી અંદરોઅંદર બાખડી રહેલા કૂકી અને ઝો સિવિલ સોસાયટીના સભ્યોનો ઉપયોગ દેશવિરોધી તત્ત્વો કરી રહ્યા હોવાનું જાણવા છતાં સરકાર કડક પગલાં લઈ શકી નહોતી. કોંગ્રેસ પણ જાણે છે કે બાખડી રહેલાં તત્ત્વોના સળગતા મુદ્દા હાથમાં પકડવાનો કોઈ અર્થ નથી.

કોઈ પણ પક્ષના નેતા પાસે મણિપુરની અશાંતિને દૂર કરવાની જાદુઈ લાકડી નથી. ત્યારે હવે કેન્દ્ર સરકારે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદીને હિંસક તત્ત્વોનો સફાયો કરવાનો તખ્તો તૈયાર કર્યો હોય શકે છે.

# ડિજિટલ સહિતની પ્રોપર્ટી 'કેપિટલ એસેટસ' ગણાશેઃ નવુ આવકવેરા બિલ પેશ

## કરદાતાઓના અધિકારો જવાબદારીનું ખાસ ચાર્ટરઃ નુકશાન-બસારા-ગ્રેચ્યુઈટીની ખાસ જોગવાઈ




નવી દિલ્હી તા.૧૩

ભારતમાં કરમાળખાને અત્યંત સરળ અને સ્પષ્ટ બનાવવાનાં ઉદેશ સાથે નવો આવકવેરા કાયદો તૈયાર કરાયો છે. આ નવુ ઈન્કમટેકસ બીલ આજે સંસદમાં રજુ કરવામાં આવ્યું હતું વેતન સાથે જોડાયેલા ડીડકશનને એક જ સેકશનમાં રાખવામાં આવ્યા છે.કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન દ્વારા નવુ ઈન્કમટેકસ બીલ લોકસભામાં પેશ કરવામાં આવ્યું હતું. કાયદાને સરળ-સ્પષ્ટ બનાવવામાં આવ્યા છે. એક નિયમની બાબતો અલગ-અલગ સેકશનમાં હતી તે એક વિભાગમાં મુકવામાં આવી છે. આકારણી વર્ષ અને નાણાંકીય વર્ષની અસમંજસ દુર કરવા માટે નવુ ટેકસવર્ષ સુચવવામાં આવ્યું છે.ટેકસની ચુકવણીમાં બદલાવની કોઈ વાત નથી.કેપીટલ ગેઈન કે અન્ય કોઈપણ ટેકસ રેટમાં ફેરફાર નથી. સ્ટાન્ડર્ડ ડીડકશન, ગ્રેચ્યુટી, લીવ એન કેશમેન્ટ સહિત પગાર સાથે જોડાયેલા ડીડકશનને એક જ સેકશનમાં રાખી દેવાયા છે. જે વર્તમાન કાયદામાં અલગ-અલગ વિભાગમાં રખાયા હતા. કુલ આવકથી અલગ પ્રકારની કમાણીને શિડયુલમાં રાખવામાં આવી છે. ટીડીએસ, પ્રિઝન્ટીવ ટેકસેશન પસાર તથા ડીડકશનની જોગવાઈઓ સાથે ટેબલ્સ પણ આપવામાં આવ્યા છે.

નવા કાયદામાં ક્રિપ્ટો સહીત વર્ચ્યુઅલ ડીજીટલ એસેટસ પર ફોકસ રાખવામાં આવ્યુ છે. રોકડ, સોના-ચાંદી, જવેલરી સહિત અઘોષિત સંપતિ પકડવા માટેના સર્ચ ઓપરેશનમાં વર્ચ્યુઅલ ડીજીટલ એસેટસમાં લેવડદેવડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

બીલમાં ૪૭ વખત 'ડીજીટલ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આવકવેરામાં પ્રવર્તમાન કાયદામાં ૨૯૮ સેકશન સામે નવા બીલમાં ૫૩૬ છે.વર્તમાન કાયદામાં ૧૪ શિડયુલ છે તે નવામાં ૧૬ થશે.ચેપ્ટરની સંખ્યા ૨૩ જ છે. જયારે વર્તમાન કાયદો ૮૮૦ પાનાનો છે તે નવો ૬૨૨ પાનાનો રહેશે.

કેપિટલ એસેટના કાયદામાં કરદાતા પાસે મૌજુદ કોઈપણ પ્રોપર્ટીનો સમાવેશ થઈ જશે ભલે તે બિઝનેસ કે પ્રોફેશન સંબંધીત ન હોય ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ પૂર્વે જારી થયેલી યુનિટ લીંકડ ઈુસ્યોરન્સ પોલીસી પણ આવી જશે જવેલરી પણ તેના દાયરામાં છે.

બીલમાં કરદાતા માટે ચાર્ટરની વાત પણ છે જેમાં તેઓનાં અધિકારી તથા જવાબદારીની સ્પષ્ટતા છે. બીન ઉપયોગી જોગવાઈઓને હટાવી લેવામાં આવી છે.કર્મચારી સ્ટોક ઓપ્શન સંલગ્ન જોગવાઈઓ સરળ બનાવવામાં આવ્યા છે.



# ગુજરાતમાં UCC લાગુ કરવાની તૈયારીઓ, ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC-યુનિફોર્મ સિવિલ કોડ) કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની પ્રથમ બેઠક મળી હતી. રાજ્ય સરકારે રચેલી પાંચ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે મળી હતી. બેઠકમાં સમિતિના અધ્યક્ષ રંજનાબેન દેસાઈ અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠકમાં રાજ્ય માટે પ્રસ્તાવિત UCCના ઉદ્દેશો, અવકાશ અને રૂપરેખા અંગે મહત્વપૂર્ણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. સમિતિનું હેડ ક્વાર્ટર દિલ્હી રહેશે. ફેબ્રુઆરીના અંતમાં સમિતિ ગુજરાતમાં અલગ અલગ ઝોનમાં લોકોને મળશે.રંજનાબેન દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં નિવૃત્ત વરિષ્ઠ IAS અધિકારી સી.એલ. મીણા, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ચર્ચા દરમિયાન, સમિતિએ વિવિધ હિતધારકો સાથેના સમાવિષ્ટ પરામર્શ દ્વારા વર્તમાન કાયદાઓની વ્યાપક સમીક્ષા માટે પોતાના દ્રષ્ટિકોણની રૂપરેખા આપી હતી. આનો ઉદ્દેશ ગુજરાત રાજ્યના તમામ નાગરિકો માટે ન્યાય, સમાનતા અને સામાજિક સુમેળને સુનિશ્ચિત કરતું પ્રગતિશીલ અને સશક્ત કાનૂની માળખું વિકસાવવાનો છે.

સમિતિએ મહિલાઓ અને બાળકોને સમાન અધિકારો પૂરા પાડવા અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે, ખાસ કરીને વ્યક્તિગત કાયદાઓમાં સમાવેશીતા, ન્યાયિક સમાનતા અને એકરૂપતાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ સમિતિ પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કરશે તે રાજયના ભાવિ કાનૂની માળખાને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

જાતિ, ધર્મ કે સમુદાયને ધ્યાનમાં લીધા વિના છૂટાછેડા માટે એક સમાન કાયદો હશે. હાલમાં, દેશમાં દરેક ધર્મના લોકો તેમના અંગત કાયદાઓ દ્વારા આ બાબતોનો ઉકેલ લાવે છે.

બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. છોકરીઓની લગ્નની ઉંમર ૧૮ વર્ષ હશે, પછી ભલે તેમની જાતિ કે ધર્મ કોઈ પણ હોય.બધા ધર્મોમાં બાળકોને દત્તક લેવાનો અધિકાર હશે, પરંતુ બીજા ધર્મના બાળકને દત્તક લઈ શકાશે નહીં.

હલાલા અને ઈદ્દતની પ્રથાઓ બંધ કરવામાં આવશે. છોકરીઓને છોકરાઓ જેટલો જ સંપત્તિમાં હિસ્સો મળશે.

લિવ-ઈન રિલેશનશિપ રજીસ્ટર કરાવવી પડશે. આધાર કાર્ડ ફરજિયાત રહેશે. ૧૮ થી ૨૧ વર્ષની વયના યુગલોએ તેમના માતાપિતાનો સંમતિ પત્ર સબમિટ કરવાનો રહેશે.

લિવ-ઈન રિલેશનશિપમાંથી જન્મેલા બાળકને પરિણીત યુગલના બાળક જેટલો જ અધિકાર મળશે.

સમાન નાગરિક સંહિતાના આ ડ્રાફ્ટમાં, અનુસૂચિત જનજાતિઓ(જ્જ)ને સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવ્યા છે. ટ્રાન્સજેન્ડર અને પૂજા પ્રથાઓ અને પરંપરાઓ જેવી ધાર્મિક બાબતોમાં કોઈ દખલગીરી કરવામાં આવી નથી.

યુનિફોર્મ સિવિલ કોડનો ઉલ્લેખ પહેલીવાર ૧૮૩૫માં એટલે કે બ્રિટીશકાળમાં થયો હતો. તે સમયે બ્રિટિશ સરકારના અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ગુનાઓ, પુરાવા અને કરાર જેવા મુદ્દાઓ પર સમાન કાયદા લાગુ કરવાની જરૂર છે. ભારતીય બંધારણની કલમ ૪૪ તમામ નાગરિકો માટે સમાન કાયદાના અમલીકરણની વાત કરે છે. પરંતુ ભારતીય સંસ્કૃતિની વિવિધતાના કારણે એક જ પરિવારના સભ્યો પણ કોઈવાર અલગ-અલગ રિવાજોનું પાલન કરતા હોય છે તેથી હજુ સુધી ભારતમાં તેનો અમલ થયો નથી. ભારતમાં વસ્તીના આધારે હિંદુઓની બહુમતી છે. તેમાં છતાં અલગ અલગ રાજ્યોમાં તેમના રિવાજોમાં તફાવત જોવા મળે છે. આ ઉપરાંત દેશમાં શીખ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી અને મુસ્લિમ વગેરે જેવા તમામ ધર્મોના લોકોના પોતાના અલગ કાયદાઓ છે. આવી સ્થિતિમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવો ખૂબ જ અઘરો છે.

## ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ, સ્વતંત્ર ભારતનું પ્રથમ રાજ્ય

યુનિફોર્મ સિવિલ કોડના અમલ માટે ઉત્તરાખંડ સરકાર દ્વારા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં લગ્ન-નિકાહ, છૂટાછેડા-તલાક, સંપત્તિ, પુત્રીઓના અધિકારો, લિવ-ઈન રિલેશનશિપની નોંધણી સહિતના પારિવારિક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે અને નિયમો તમામ ધર્મના લોકોને એક સમાન રીતે લાગુ રહેશે, એટલે કે ઉત્તરાખંડમાં હવેથી હિન્દુ, મુસ્લિમ કે ખ્રિસ્તી વગેરેના જે ધર્મ આધારીત પર્સનલ લો હતા તેનો અમલ રદ કરવામાં આવશે અને એક સમાન કાયદો બધા માટે લાગુ કરી દેવામાં આવ્યો છે. લગ્નની નોંધણીથી લઈને છૂટાછેડા કે તલાક વગેરેની પ્રક્રિયા તમામ ધર્મના લોકો માટે એક સમાન રહેશે. લગ્ન કે નિકાહની લઘુતમ વય મર્યાદા પણ દરેક માટે એક સરખી રહેશે.

ઉત્તરાખંડના આદિવાસીઓને બાદ કરીને તમામ નાગરિકોને આ યુસીસી લાગુ રહેશે. યુસીસી લાગુ કરવા માટે ગ્રામીણ વિસ્તારમાં એસડીએમ રજિસ્ટ્રાર અને ગ્રામ પંચાયત વિકાસ અધિકારી સબ રજિસ્ટ્રાર રહેશે, નગર પંચાયતો અને નગર પાલિકાઓમાં સંબંધિત એસડીએમ રજિસ્ટ્રાર અને કાર્યકારી અધિકારી સબ રજિસ્ટ્રાર રહેશે. ટોચના સ્તરે રજિસ્ટ્રાર જનરલ હશે જે સચિવ સ્તરના અધિકારી કે ઈન્સ્પેક્ટર જનરલ ઑફ રજિસ્ટ્રેશન રહેશે.

## સમગ્ર વિશ્વમાં યુનિફોર્મ સિવિલ કોડ ક્યાં લાગુ કરવામાં આવ્યો છે?

વિશ્વમાં એવા ઘણા દેશો છે કે જ્યાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવ્યો છે. આ યાદીમાં અમેરિકા, આયર્લેન્ડ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, મલેશિયા, તુર્કી, ઈન્ડોનેશિયા, સુદાન, ઈજીપ્ત જેવા ઘણા દેશોના નામ સામેલ છે. યુરોપમાં એવા ઘણા દેશો છે, જે ધર્મનિરપેક્ષ કાયદાનું પાલન કરે છે, જ્યારે ઈસ્લામિક દેશો શરીયા કાયદાનું પાલન કરે છે.

# વકફ બિલ પર JPC રિપોર્ટ રાજયસભામાં રજુ : વિપક્ષોનો વોકઆઉટ




નવી દિલ્હી તા.૧૩

સંસદના શિયાળુ સત્ર આખરી દિને આજે સરકારે વકફ સુધારા વિધેયક પરનો સંયુક્ત સંસદીય કમીટીનો રિપોર્ટ રાજયસભામાં રજુ કરતા જ વિપક્ષોએ જબરી ધમાલ મચાવી દીધી હતી તો લોકસભામાં પણ કોંગ્રેસના સભ્યોએ કેરળના અનેક મુદાઓ સંદર્ભમાં ધાંધલ ધમાલ શરુ કરતા જ ગૃહને મુલત્વી રાખવાની ફરજ પડી હતી. મોટી ધમાલ રાજયસભામાં જોવા મળી હતી.

અગાઉથી જ વિવાદાસ્પદ બની ગયેલા વકફ બોર્ડ સુધારા વિધેયક જે ગત સત્રમાં સંસદની સંયુક્ત સમીતીને સુપ્રત કરાયુ હતુ તેનો ફાઈનલ રિપોર્ટ આજે ગૃહમાં લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજજુએ રજુ કર્યો હતો અને વિપક્ષોએ તેમાં સમીતીની બેઠકોમાં તેમના દ્વારા જે સુધારા અને મુદાઓ રજુ કરાયા હતા તે આ રિપોર્ટમાં સામેલ પણ નહી થયા હોવાનું જણાવીને ધમાલ મચાવી દીધી હતી. વિપક્ષના નેતા મલીકાર્જુન ખડગેએ આ ખરડાને ગેરબંધારણીય ગણાવ્યો હતો અને અન્ય સભ્યોએ પણ વિરોધ કર્યો હતો જેમાં આમ આદમી પાર્ટી પણ સામેલ હતી. સભાપતિ જગદીપ ધનખડે સભ્યોને ધમાલ વગર જ રિપોર્ટ અંગે ચર્ચામાં આવવા જણાવ્યું હતું. વિપક્ષનો આરોપ હતો કે તેઓએ જે અસહમતી આપી હતી તે રિપોર્ટમાંથી દુર કરવામાં આવી છે.જો કે કેન્દ્રીય મંત્રીએ રિપોર્ટમાં કોઈ ફેરફાર કરાયો હોવાનું નકાર્યુ હતું. લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજજુએ કહ્યું કે મે જેપીસીના ચેરમેન સાથે વાત કરી હતી અને તેઓએ મને ખાતરી આપી છે કે કોઈ ભાગ દુર કરાયો નથી. જો કે વિપક્ષને તે જવાબથી સંતોષ થયો નહી અને ધમાલ મચાવતા બપોરે બે વાગ્યા સુધી રાજયસભા મુલત્વી રખાઈ હતી.જયારે લોકસભામાં વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધીએ તેમના મતક્ષેત્રમાં જંગલી પ્રાણીઓએ સાત લોકોને મારી નાંખ્યા છે તે સહિતના મુદે પ્રશ્ન પૂછયા હતા. આ અગાઉ કોંગ્રેસના સાંસદોએ ગૃહ બહાર પણ દેખાવ કર્યા હતા.

## ગુજરાતના બનાસકાંઠા અને રાજસ્થાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા, કોઈ જાનહાનિના સમાચાર નહીં

રાજયમાં બનાસકાંઠા જિલ્લામાં ૩.૮ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા. જેનું કેન્દ્રબિંદુ પાલનપુર શહેરથી ૩૪ કિલોમીટર દૂર નોંધાયું હતું. બનાસકાંઠા જિલ્લામાં આજે ગુરુવાર સાંજે ૫:૨૮ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકાને કારણે દાંતીવાડા, ઈકબાલગઢ અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો. જ્યારે રાજસ્થાનમાં પણ ભૂકંપ આવ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે.બનાસકાંઠા જિલ્લામાં આજે ગુરુવારની સાંજે જિલ્લામાં ૩.૮ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડરનો માહોલ છવાયો હતો. આ ઘટનામાં કોઈ પ્રકાર મોટી જાનહાનિ ન થઈ હોવાનું સામે આવ્યું છે.

## અમેરિકામાં માત્ર બે ટકા જ ગેરકાયદે ભારતીય પ્રવાસીઓ

અમેરિકામાં કુલ ગેરકાયદે ઈમિગ્રન્ટસની સંખ્યામાં ભારતીયો માત્ર બે ટકા જ છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (ડીએચએસ) એ જાહેર કરેલ આંકડામાં આ માહિતી બહાર આવી છે.જોન્સ હોપકિન્સ વિશ્વ વિદ્યાલય દ્વારા પ્રકાશિત રિપોર્ટ એવા સમયે આવ્યો છે, જયારે અમેરિકામાં ટ્રમ્પે ગેરકાયદે ઈમિગ્રન્ટસને લઈને નિવેદન જાહેર કર્યુ છે.જે રાજયોમાં અમાન્ય ભારતીય ઈમીગ્રન્ટસની સંખ્યા સૌથી વધુ છે ત્યારે માન્ય ભારતીય પ્રવાસીઓની સંખ્યા પણ વધુ છે.

# જનજાતિ વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ આ વર્ષે ચાલુ રાખો

## રાજય સરકાર દ્વારા મેનેજમેન્ટ કવોટા હેઠળના જનજાતિ વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ બંધ કરવાના નિર્ણયના વિરોધમાં અને ગ્રાન્ટેડ લો કોલેજોમાં પ્રવેશ પ્રક્રીયા પુનઃ શરૂ કરવાની માંગણી



રાજય સરકાર દ્વારા મેનેજમેન્ટ કવોટા હેઠળના જનજાતિ વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ બંધ કરવાના નિર્ણયના વિરોધમાં અને ગ્રાન્ટેડ લો કોલેજોમાં પ્રવેશ પ્રક્રીયા પુનઃ શરૂ કરવાની માંગણી સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કોટેચા ચોકમાં ચક્કાજામ સાથે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો અને કલેકટરને આવેદનપત્ર પાઠી સત્વરે યોગ્ય કરવા માંગણી કરી હતી.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર મેનેજમેન્ટ ક્વોટા હેઠળના જનજાતી વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ પ્રવેશ પ્રક્રિયા દરમિયાન જે તે એન્જિનયરીંગ, નર્સિંગ જેવી કોલેજમા સ્કોલરશિપ સહાયથી એડમિશન લઇ લીધા બાદ આ દરાવ કરવામાં આવેલ હોવાથી ખુબ મોટી સંખ્યામાં જનજાતિ વિદ્યાર્થીઓ અસમંજસમાં મુકાયા છે કેટલાય જનજાતિ વિદ્યાર્થીઓ ભણતર છોડી રહ્યા હોઈ તેવું જણાઈ રહ્યું છે. અભાવિપ દ્વારા અગાઉ પણ આદિજાતિ વિભાગના આ નિર્ણય સામે રોષ વ્યક્ત કરી જનજાતિ વિસ્તારોમાં કલેક્ટરના માધ્યમથી આવેદન પત્ર આપવામાં આવેલ છે. બોહળા વિદ્યાર્થી સમુદાયને ધ્યાને રાખો, રાજ્યમાં ઉગ્ર વિરોધ પ્રદર્શનો થકી અભાવિપ સ્પષ્ટ માંગ કરે છે કે, શિષ્યવૃત્તિ પાછી ખેંચવાનો પરિપત્ર શૈક્ષણિક વર્ષ ૨૪-૨૫માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ પર લાગુ કરવામાં આવે નહિ. રાજ્યની ૨૮ ગ્રાન્ટેડ લો કોલેજનો પ્રશ્ન પાછલા ઘણા વર્ષોથી પડતર છે. ચાલુ શૈક્ષણિક વર્ષે પણ લો કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા શરુ થયેલા નથી. કાયદા વિદ્યાશાખામાં અભ્યાસ ઇચ્છુક વિદ્યાર્થીઓને રાહતદરે સુલભ શિક્ષણ મળી રહે તે માટે તમામ ગ્રાન્ટેડ લો કોલેજોની સ્થિતિમાં સુધારો અતિઆવશ્યક જણાઈ રહ્યો છે. વિદ્યાર્થી હિતમાં અભાવિપ રાજયના વિવિધ જિલ્લાઓમાં ઉગ્ર આંદોલન થકી સરકાર દ્વારા રાજયની ગ્રાન્ટેડ લો કોલેજોમાં બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના ધારા-ધોરણો પ્રમાણે પ્રાધ્યાપકોની ભરતી કરવામાં આવે, આ તમામ કોલેજોની ગ્રાન્ટમાં વધારો કરવામાં આવે તથા ત્વરિત પણે પ્રશ્નના નિરાકરણ સાથે પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.14/2/2025 FRIDAY


# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ગાજેલા હુટરના પડઘા કોર્પોરેશન સુધી પડયા હવે સરકારી નિયમો ફંફોળવાથી કેટલાયની સુવિધા છીનવાઈ જવાનો પણ મત

# રાજકોટ મનપામાં પણ સાયરનવાળી ડઝનથી વધુ કાર!

## માત્ર ચાર પદાધિકારીને સાયરનની સુવિધા મળતી હોવાનો જવાબ અર્ધો ડઝન અધિકારી, શિક્ષણ સમિતિ ચેરમેનની ગાડીમાં પણ હુટર મેયરની કાર ગુપચુપ નેમ પ્લેટ ઉતારી પાર્કિંગમાં મૂકી દેવાઇ

રાજકોટ,તા. ૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કુલપતિએ પોતાની સરકારી કાર ઉપર સરકારી પ્રભાવ જેવું હુટર (સાયરન) લગાવતા ઉઠેલા વિવાદ વચ્ચે આજે તો તેઓએ આ સાયરન ઉતારી લીધુ છે. પરંતુ રાજકોટમાં કોર્પોરેશન સહિતની સરકારી કચેરીના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા પણ સત્તાવાર કાર પર મૂકવામાં આવતા હુટરની કાયદેસરતા, નિયમ, ઠરાવો, સરકારી જીઆર સહિતની સિસ્ટમ સામે સવાલ ઉઠયા છે.




આ સવાલો આજે યુનિવર્સિટીમાંથી ઉડીને સીધા મહાપાલિકામાં પડયા હતા. કોર્પોરેશનની લગભગ ડઝન જેટલી ગાડીઓ પર હાલ સાયરન છે, તેમાંથી પાંચ પૈકી માત્ર ત્રણ પદાધિકારીને આવી છુટ હોવાનું અધિકારી સુત્રો કહે છે. બીજી તરફ રાજકોટમાં તમામ પ્રાથમિક સુવિધા પુરી પાડતી સંસ્થાની સત્તા અને ફરજો આવશ્યક સેવા સાથે પણ જોડાયેલા હોય, યુનિ. અને કોર્પો.નો વિષય જુદો હોવાનો અભિપ્રાય પણ આવ્યો છે.

કોર્પો.માં મેયર, ડે.મેયર, સ્ટે.ચેરમેન, શાસક નેતા અને દંડકને સત્તાવાર કાર મળે છે. આ પૈકી પ્રથમ ત્રણ પદાધિકારી સાયરનનો ઉપયોગ પરંપરાગત કરતા આવ્યા છે. થોડા વર્ષો પહેલા શાસક નેતા અને બોડીની બીજી ટર્મમાં દંડકને કાર મળી છે. તો કમિશ્નર, ડે.કમિશ્નર સહિતના પાંચ અધિકારી પણ સાયરનનો ઉપયોગ કરે છે.

આ કુલ ૧૧ કાર સિવાય મનપા હેઠળની શિક્ષણ સમિતિના ચેરમેનને પણ સાયરન સાથેની કાર ફાળવવામાં આવી હોય તે પણ આજે કોર્પો.માં જોવા મળી હતી. આથી આ કાર સુવિધા ફરતે વિવાદો ઘેરાયેલા છે.

કુંભમાં દર્શન કરીને મેયર ગઇકાલે રાત્રે પરત ફર્યા છે. તેઓ જે નિયમ હોય તે મુજબ ભાડુ ભરી આપવાના છે. ભુતકાળમાં પદાધિકારીઓએ જે રીતે સરકારી વાહનનો ઉપયોગ કર્યો છે તે જ રીતે તેમને મંજૂરી આપવામાં આવી હતી.

જોકે આજે આ ગાડી સત્તાવાર પાર્કિંગના બદલે ફાયર બ્રિગેડ ઓફિસની બાજુમાં અને નેમ પ્લેટ કાઢેલી હાલતમાં જોવા મળતા આશ્ચર્ય ફેલાયુ હતું. કમિશ્નર, ત્રણ ડે.કમિશ્નર, ચીફ ફાયર ઓફિસરની ગાડીમાં પણ સાયરન હોય છે.


પાંચ પદાધિકારી ઉપરાંત ઈમરજન્સી સેવા ફાયર સમિતિના ચેરમેનને પણ વર્ષોથી સાયરન સાથેનું વાહન મળે છે. પરંતુ યુનિ.માંથી ઉઠેલા વિવાદને કારણે મહાપાલિકામાં પણ કેટલા લોકોને ગાડી અને સાયરન મળે તે સવાલ ઉઠયો છે. યુનિ. બાદ હવે મહાનગરપાલિકાના અધિકારીઓ તેમજ પદાધિકારીઓની કારમાં લગાવવામાં આવેલ સાયરન કાયદેસર છે કે નહીં તે અંગે ચર્ચાએ જોર પકડ્યું છે. છતાં તંત્રએ કોર્પોરેશનની અલગ અલગ વિભાગ અને અધિકારીઓને મળેલ ૧૧ સાયરન વાળી ગાડી પૈકી પદાધિકારીઓમાં મેયર ડે. મેયર અને સ્ટે. ચેરમેનને સાયરનની સત્તા છે તેમ જણાવી આરટીઓમાંથી અભિપ્રાય મંગાયો હોવાનું સુત્રો કહે છે.પદાધિકારીઓને સરકાર દ્વારા ગાડી ફાળવવામાં આવે છે. જેમાં વર્ષોથી સાયરન લગાવવામાં આવ્યા છે. કારની સુવિધા વર્ષોથી છે. જેમાં ઉમેરો કરાતો જાય છે. અન્ય કોર્પો.ની કોપી કરીને કે હુકમ બહાર પાડીને આ સુવિધા આપી દેવામાં આવે છે. પરંતુ સરકારમાં આ માટે શું નિયમો છે તેની કોઇ ચકાસણી કરતા હોય તેવું લાગતુ નથી.

મેયર, ડે. મેયર, સ્ટે. ચેરમેન, શાસકપક્ષના નેતા, દંડક, શિક્ષણ સમિતિ ચેરમેન, ફાયર સમિતિ ચેરમેનને સાયરન વાળી કાર મળતી આવી છે. તેવી જ રીતે સમિતિઓના ચેરમેનો પૈકી ફાયર સમિતિના ચેરમેનની ગાડીમાં પણ સાયરન ઈમરજન્સી સેવાના કારણે હોય છે.

વિપક્ષી નેતાની તો પૂરેપૂરી ગાડી જ શાસકોએ જમા લઇ લીધી છે. તેવી જ રીતે કમિશનર અને ત્રણ ડે. કમિશનર તેમજ ચીફ ફાયર ઓફિસર અને ડે.ફાયર ઓફિસરની કારમાં સાયરન ફીટ કરવામાં આવ્યા છે. નિયમ મુજબ અધિકારીઓને મળેલી સાયરન વાળી ગાડીઓ કાયદેસર હોવાનું જાણવા મળેલ છે. પરંતુ પદાધિકારીઓ પૈકી દંડક અને શાસકપક્ષના નેતા તેમજ વિપક્ષી નેતા અને ફાયર ચેરમેનને મળેલી કારમાં સાયરન ફીટ કરેલ છે.જે અંગે અધિકારીઓ કોઇ ખુલાસો કરતા નથી. દંડકને કાર આપવા ચાલુ ટર્મમાં જ ઠરાવ કરવામાં આવ્યો હતો. હવે મનપાના પદાધિકારીઓની જેમ અધિકારીઓ પણ કોઇ સ્પષ્ટ વાત કરતા નથી. આથી ખરેખર નિયમ શું છે અને જો સત્તા હોય તો સરકારના કયા નિયમ મુજબ હુકમો કરવામાં આવે છે તેની સ્પષ્ટતા કરવી જરૂરી હોવાનો રાજકીય ગણગણાટ શરૂ થયો છે. મનપામાં મુખ્ય પદાધિકારીઓ અને અધિકારીઓને કારમાં સાયરન રાખવાની છુટ મળે છે. પરંતુ હાલ જેટલી ગાડીમાં સાયરન છે તે તમામને આ સુવિધા મળવાપાત્ર નથી તેવો પણ અભિપ્રાય છે.

# અમદાવાદ એરપોર્ટ પર બોમ્બની ધમકી મામલે પોલીસને મળી મહત્વની કડીઃ સ્ટાફની સંડોવણી ?

## ક્રાઈમ બ્રાન્ચે એક કર્મચારીની અટક કરી પૂછપરછ કરી



અમદાવાદ,તા.૧૩

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જિદાહથી આવેલી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટમાં બોમ્બ હોવાની એક ચિઠ્ઠી મળી આવી હતી. ત્યારે આ ઘટનાની તપાસ કરી રહેલી ક્રાઈમબ્રાંચને મહત્ત્વની સફળતા મળી છે.

જેમાં આ કેસ પહેલા અગાઉ પણ ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી આપતી ચિઠ્ઠી મળી આવી હતી. આ બંને ચિઠ્ઠીનું લખાણ સરખા હતા અને એક જ વ્યક્તિ દ્વારા જ લખાયેલા હતા. જેના આધારે એક શંકમદ કર્મચારીની અટકાયત કરીને ક્રાઈમબ્રાંચે વધુ પૂછપરછ કરી છે. અમદાવાદના આતંરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોમવારે (૧૦મી ફેબ્રુઆરી) સવાર સાડા નવ વાગે જિદાહથી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટ આવી હતી. ટર્મિનલ નંબર બે પરથી પેસેન્જરોને ઓફલોડ કર્યા બાદ સિક્યોરીટી ચેકિંગના સ્ટાફ દ્વારા ફ્લાઈટમાં તપાસમાં કરવામાં આવી રહી હતી.ત્યારે એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, બોમ્બ ઈસ હીયર. આ ધમકી વાળી ચિઠ્ઠી મળતા બોમ્બ ડીસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવી નહોતી. આ અંગે એરપોર્ટ પોલીસ મથકે ગુનો નોંધીને સમગ્ર કેસની તપાસ ક્રાઈમબ્રાંચ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.ઈન્ડિગોની ફ્લાઈટમાં આ અગાઉ પણ આ પેટર્નથી ધમકીની ચિઠ્ઠી મળી આવી હતી. જેથી પોલીસે તે સમયે મળી આવેલી ચિઠ્ઠી સાથે બીજા કેસની ચિઠ્ઠી સરખાવતા બંને અક્ષર સરખા હતા.

જેથી ધમકી આપવાના કેસમાં કોઈ પેસેન્જરની નહીં પણ સ્ટાફની સંડોવણી હોવાની શક્યતાને આધારે વિમાનના ક્રુ મેમ્બર અને ગ્રાઉન્ડ સ્ટાફના લખાણના નમુના મેળવીને તપાસ કરવામાં આવી હતી.જેમાં એક કર્મચારીની સંડોવણી સામે આવી હતી. અમદાવાદ ક્રાઈમબ્રાંચે લખાણના નમુના અંગે ફોરેન્સીક રિપોર્ટના આધારે સત્તાવાર ધરપકડ કરશે. બીજી તરફ કર્મચારીની અટકાયત કરીને પુછપરછ કરવામા આવી રહી છે.

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જિદાહથી આવેલી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટમાં બોમ્બ હોવાની એક ચિઠ્ઠી મળી આવી હતી. ત્યારે આ ઘટનાની તપાસ કરી રહેલી ક્રાઈમબ્રાંચને મહત્ત્વની સફળતા મળી છે.જેમાં આ કેસ પહેલા અગાઉ પણ ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી આપતી ચિઠ્ઠી મળી આવી હતી. આ બંને ચિઠ્ઠીનું લખાણ સરખા હતા અને એક જ વ્યક્તિ દ્વારા જ લખાયેલા હતા. જેના આધારે એક શંકમદ કર્મચારીની અટકાયત કરીને ક્રાઈમબ્રાંચે વધુ પૂછપરછ કરી છે.

# રવિવારે પાલિકા ચૂંટણી : મતકુટીરોમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ

### ૬૫થી ૭૦% મતદાન થવાનો કલેક્ટર દ્વારા આશાવાદ ઉમેદવારોના ક્રમાંક-ચૂંટણી ચિહ્ન સાથે તૈયાર કરાયેલા EVM સ્ટ્રોંગ રૂમમાં સીલ

રાજકોટ, તા. ૧૩

રાજકોટ જિલ્લાની જસદણ, જેતપુર, નવાગઢ, ધોરાજી અને ઉપલેટા એમ પાંચ નગરપાલિકા તેમજ ઉપલેટા, જેતપુર, ગોંડલ અને જસદણ એમ ચાર તાલુકા પંચાયતની ૬ બેઠકની આગામી તા. ૧૬ને રવિવારે યોજાનાર ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. કલેક્ટર પ્રભવ જોશીએ ગઈકાલે જસદણ, જેતપુર, નવાગઢ, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટાની તાલુકાના અધિકારીઓ સાથે મુલાકાત લઈ ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ અંગે કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આ ચૂંટણી માટે ઉમેદવારોના ક્રમાંક અને ચૂંટણી ચિહ્ન સાથે ઈવીએમ મશીન તૈયાર કરી દેવામાં આવેલ છે. આ તૈયાર કરાયેલા ઈવીએમ મશીન પોલીસ બંદોબસ્ત હેઠળ તથા સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવેલ છે.કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં મતદાન મતક દીઠ ૧-૧ પોલીસ કર્મચારી અને જીઆરડી જવાન તૈનાત કરાશે. તેમજ સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે. આ ઉપરાંત પીએસઆઈ સાથે મોબાઈલ પોલીસ વાહનનું પણ પેટ્રોલીંગ મતદાન દરમ્યાન રાઉન્ડ ધ કલોક કરાશે. આ ચૂંટણીમાં ૬૫ થી ૭૦ ટકા મતદાન થવાની આશાવાદ કલેક્ટર પ્રભવ જોશીએ વ્યકત કર્યો હતો. તેની સાથે તેઓએ જણાવ્યું હતું કે આ ચૂંટણી સવારના ૭થી સાંજના ૬ સુધી મતદારો મતદાન કરી શકશે. ૪૦૦૦થી વધુ કર્મચારીઓ આ ચૂંટણીમાં ફરજ બજાવશે. તેમજ મત કુટીરોમાં મતદારોની સાથે પોલીસ કર્મચારીઓ પણ મોબાઈલ સાથે પ્રવેશી શકશે નહીં. મોબાઈલ મત કુટીરોમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તેના પરત્વે લક્ષ આપવામાં આવેલ છે. મતદારો આધાર કાર્ડ, રેશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ ઓળખનો પુરાવો રજુ કરીને પણ આ ચૂંટણીમાં મતદાન કરી શકશે. દિવ્યાંગ મતદારો માટે મતદાન મથકો પર વ્હીલચેરની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે તેમ કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

# સરકારી કચેરીઓમાં ટ્રાફિક ડ્રાઈવનાં પગલે હેલ્મેટ વેચાણમાં તેજી




રાજકોટ,તા.૧૩

હાઈકોર્ટનાં આદેશના પગલે રાજકોટ શહેરમાં તમામ સરકારી કચેરી સ્થળોએ ટ્રાફિક શાખાએ હેલ્મેટ કાયદાનો ચુસ્તઅમલ કરાવતા હેલ્મેટની ફરી ડિમાન્ડ વધી છે. છેલ્લા ત્રણ દિવસથી તમામ સરકારી કચેરીઓ મનપા કચેરી સહિત અનેકવિધ સ્થળોએ ડ્રાઈવ યોજી સરકારી અધિકારીઓ કર્મચારીઓને દંડ ફટકારતા બજારોમાં હેલ્મેટની ખરીદી શરૂ થઈ છે શહેરના લોધાવાડ ચોકમાં આવેલા બજારમાં હેલ્મેટની ખરીદીમાં ઉછાળો જોવા મની રહ્યો છે.

ટ્રાફિક શાખાએ છેલ્લા ત્રણ દિવસથી હેલ્મેટ નહીં પહેરનાર દ્રીચકી સરકારી કર્મચારીઓ અને અરજદારોને રૂ।૦૦ લેખે દંડ ફટકારતા દંડથી બચવા હવે હેલ્મેટની ખરીદી શરૂ થતા ફરી હેલ્મેટની ડિમાન્ડ વધી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઝૂકયા, અંતે સરકારી કાર પરથી સાયરન હટાવ્યું

### વિવાદ છંછેડાયા બાદ મામલો શિક્ષણમંત્રી સુધી પહોચતા અને છજીઘ  ના અભિપ્રાય બાદ પીછેહઠ

રાજકોટ,તા.૧૩

સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડો.ઉત્પલ જોશીએ યુનિ.ની સરકારી કાર ઉપર સાયરન લગાવતા વિવાદ છંછેડાતા આ મામલો રાજયસરકાર અને શિક્ષણમંત્રી સુધી પહોંચ્યા બાદ અંતે તેઓએ પીછેહઠ કરી યુનિ.ની સરકારી કાર પરથી સાયરન હટાવી દીધુ છે.




અહીં એ ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ ચાર્જ સંભાળ્યા બાદ એક માસમાંજ યુનિ.ની સરકારી કાર (ઈનોવા) પર સાયરન લગાવી સેન્ટ્રલ વ્હીકલ એકટનો છેદ ઉડાવતા આ પ્રકરણ ઉચ્ચ શિક્ષણ જગતની સાથે શહેરભરમાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું હતું.

સેન્ટ્રલ વ્હીકલ એકટ મુજબ સાયરન એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને આપતી સમયે બચાવ રાહત કામગીરીના વાહનોમાં જ લગાવી શકાય છે. પરંતુ નવા કુલપતિ ઉત્પલ જોશીએ માભો પાડવા યુનિ.ની સરકારી કાર (ઈનોવા) પર જ સાયરન લગાડી દેતા વિવાદનો મધપૂડો છંછેડાય ગયો હતો.

તેની સાથે જ આ પ્રકરણ રાજય સરકાર અને શિક્ષણમંત્રી સુધી પહોંચી ગયુ હતું તેમજ આરટીઓ અધિકારીએ પણ યુનિ.ના કુલપતિ સરકારી કાર મુજબ મોટર વ્હીકલ એકટ મુજબ સાયરન લગાવી શકતા નથી. તેઓ અભિપ્રાય આપેલ હતો અને જો સાયરન યુનિ.ની કાર પર લગાવ્યું હશે.

તો તેઓને નિયમ મુજબ નોટીસ ફટકારાશે અને આ માટે રૂા.૧૦૦૦નો દંડ થઈ શકે છે તેમ પણ આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણ ગરમાયા બાદ અંતે કુલપતિ ડો. ઉત્પલ જોશીએ ઝુકી યુનિ.ની સરકારી કાર પરથી સાયરન હટાવી દીધુ છે.

## રાજકોટ FRC ચેરમેનનું રાજીનામુ સરકારે સ્વીકારી લીધું

### સૌરાષ્ટ્ર ઝોનની ૫૦૦૦માંથી ૪૦૦ ખાનગી શાળાઓની ફીના ઓર્ડર અટક્યા; ફી વધારાની દરખાસ્ત પર હવે સુનાવણી નહીં થાય


રાજકોટમાં બેસતી સૌરાષ્ટ્ર ઝોનની ફી નિયમન સમિતિના ચેરમેન દ્વારા રાજીનામું આપી દેવામાં આવ્યું છે. ગત મહિને રાજ્ય સરકાર સમક્ષ આપવામાં આવેલું રાજીનામું સરકાર દ્વારા મંજૂર કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ચેરમેન પી.જે.અગ્રાવત દ્વારા નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલા જ રાજીનામું આપી દેતા ૪૦૦ જેટલી ખાનગી શાળાઓની ફી નક્કી કરતા ઓર્ડર અટકી ગયા છે અને તેને કારણે હવે જ્યાં સુધી ફી નક્કી નહીં થાય ત્યાં સુધી ખાનગી શાળાઓ પોતે ઈચ્છે તે ફી લઈ શકશે અને તેથી વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ ફી આપી લૂંટાશે.

સૌરાષ્ટ્ર ઝોનની રાજકોટમાં કાર્યરત ફી નિયમન સમિતિમાં ચેરમેન તરીકે પી.જે.અગ્રાવત દ્વારા ગત મહિને એટલે કે જાન્યુઆરી માસમાં પોતાના પદ ઉપરથી રાજીનામું આપવા માટેનો પત્ર રાજ્ય સરકારને લખ્યો હતો. જે બાદ સરકાર




દ્વારા તેમનું રાજીનામું મંજૂર કરી દેવામાં આવ્યું છે. જેઓ ગોંડલથી મોટાભાગે અઠવાડિયામાં ૨ વખત રાજકોટ આવી મિટિંગ કરતા હતા. ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ ખાનગી શાળાઓની ફી નક્કી કરવા માટેની બેઠકો બંધ થઈ ગઈ છે અને તેથી શાળાઓની ફી હવે નક્કી નહીં થઈ શકે. જેનો સીધો ફાયદો ખાનગી શાળાઓને થશે અને વિદ્યાર્થીઓ તથા વાલીઓને શાળાઓ દ્વારા જે ફી ભરવાનું કહેવામાં આવે તે જ ફી હાલ ભરવી પડશે. રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગરની ૫૦૦૦થી વધુ ખાનગી શાળાઓની ફી સૌરાષ્ટ્ર ઝોનની ( ફી રેગ્યુલેશન કમિટી) દ્વારા નક્કી કરવામાં આવે છે. ત્રણ વર્ષ માટે ફી નક્કી થાય છે ત્યારે જે સ્કૂલો હાલમાં લેવામાં આવતી ફી મા કોઈ વધારો કરવા માંગતા નથી તેઓ સોગંદનામુ એટલે કે એફિડેવિટ કરે છે. આ પ્રકારની ૪૬૦૦ જેટલી શાળાઓના સોગંદનામાના ઓર્ડર થઈ ચૂક્યા છે જ્યારે જે શાળાઓ પોતાની વાર્ષિક ફીમાં વધારો કરવા માગે છે તેવી ૪૦૦ જેટલી શાળાઓની દરખાસ્ત આવેલી છે. જેમાંથી મોટાભાગની શાળાઓના હિયરિંગ બાકી છે. જોકે હવે ચેરમેને જ રાજીનામું આપી દેતા ફી નિયમન અટકી ગયું છે. હવે શિક્ષણવિદ મુકુંદરાય મેહતા, ખાનગી શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ પ્રભુભાઈ સિંધવ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હાર્દિક વ્યાસ અને સિવિલ એન્જિનિયર પ્રવીણભાઈ વસાણીયા સભ્ય તરીકે રહ્યા છે.

## સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત તમામ બ્રીજની સઘન સફાઈ શરૂ



રાજકોટ સહિતના મહાનગરોમાં ભારત સરકારનું સ્વચ્છ સર્વેક્ષણ આવવાનું છે. આ પૂર્વે રાજકોટનો રેન્ક વધુ અપગ્રેડ કરવા મહાપાલિકા દ્વારા પ્રયાસો થઇ રહ્યા છે. જેના ભાગરૂપે શહેરમાં બ્યુટીફીકેશન અને સઘન સ્વચ્છતાની ઝુંબેશ પણ ચલાવવામાં આવી રહી છે. કાલાવડ રોડ, મોટા મવા ચોક, મોરબી રોડ સહિતના માર્ગ પર આવેલા બ્રીજની આ રીતે સફાઇ કરવામાં આવી રહી છે.

બ્રીજ આજુબાજુ અને ઉપર કામદારોની ટીમ ખુણે ખુણાની સફાઇ કરી રહી છે. બજેટ બાદ હવે મહાપાલિકા તંત્રનું ધ્યાન સ્વચ્છ સર્વેક્ષણ પર કેન્દ્રીત થયાનું દેખાઈ રહ્યું છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭


# જાનથી મારીનાખવાની ધમકી આપી મારા મારવાના ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા. ૧૪ઃ બે ભાઈઓ વચ્ચે થયેલ મારામારી અને જાનથી મારીનાખવાની ધમકી આપવા સબબની ફરીયાદ રાજકોટ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબની ફરીયાદ નોંધવામા આવેલ હતી અને જે સબબ પોલીસ દ્વારા આરોપી ની ધરપકડ કરવામા આવેલ હતી અને ચાર્જશીટ કરવામા આવેલ હતુ અને આ કામની ટ્રાયલ ચાલી જતા આરોપીઓને પુરાવાના અભાવે નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રાજકોટની કોર્ટ દ્વારા ફરમાવામા આવેલ હતો. આ કેસની ફરીયાદમા જણાવ્યા મુજબની ટુકમા હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ગોરધનભાઈ તેજાભાઈ બાવળીયા જેઓ ખેત મજૂરી કરે છે અને નવાગામ બામણબોર તા. જી. રાજકોટ ખાતે રહે છે. ગત તા. ૨૪/૦૮/૨૦૨૩ ના રોજ ફરિયાદી તેમના માતા હેમીબેન તથા તેમના પિતા તેજાભાઈ તેમ બધા એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે તેમના ભાઈ ભવનભાઈ વિરુદ્ધ એક અરજી કરેલ હોય તે બાબતે ફરિયાદીના માતાહેમીબેનનું નિવેદન લખાવી એરપોર્ટ પોલીસ ખાતે



અને ગયેલા હતા અને ત્યાંથી કલાક ત્રણ સવા ત્રણ વાગ્યાના અરસામાં નિવેદન લખાવી અને ઘરે પરત ફરતા હતા ત્યારે ફરિયાદીના મોટાભાઈ ભવાનભાઇ તથા તેનો દીકરો રોહિત તથા રસિક તથા ભાભી જયાબેન એમ બધા રસ્તામાં મળેલ હતા અને ફરિયાદીના મોટાભાઈ ભવનભાઈ એકદમ ગુસ્સા સાથે ફરિયાદી સાથે ઝઘડો કરવા લાગેલ અને ભવનભાઈએ ફરિયાદીને ગાળો આપવા લાગેલ અને કહેલ કે હું તને જાનથી મારી નાખીશ અને ફરિયાદી અને ભવનભાઈ ઝપાઝપી કરવા લાગેલા અને તે દરમિયાન ભવનભાઈ નો દીકરો રોહિત પણ આવેલ અને તે પણ ફરિયાદીને ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતો જેથી ફરિયાદી નીચે પડી ગયેલ હતા અને ત્યાં પોલીસ તથા રસિકભાઈ તથા અન્ય માણસો આવી ગયેલા અને આ ઝપાઝપી દરમિયાન ફરિયાદીને ગળાના ભાગે લાગી ગયેલ હોય અને જેથી ફરિયાદીને તથા આરોપીને ઝઘડો કરતા અટકાવેલ અને ડોકના ભાગે ફરિયાદીને ઈજાઓ થયેલ હોય અને દુખાવો થતો હોય તેથી ફરિયાદી તેના માતા પિતા અને એના એક ભાઈ ઈકો ગાડીમાં કુવાડવા હોસ્પિટલ ખાતે સારવાર લેવા આવેલા અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરેલા હોય જે મુજબની વિગતવાર ફરિયાદ ફરિયાદી દ્વારા આરોપી ભવનભાઈ તેજાભાઈ બાવળીયા તેમજ રોહિતભાઈ ભવનભાઈ બાવળીયા વિરુદ્ધ આપેલી હતી અને પોલીસ દ્વારા બંને આરોપીઓની અટક કરવામાં આવેલ હતી અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ હતુ. જરૂરી કાયદાકીય પ્રકિયાના ભાગ રૂપે હાલના કામે જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામા આવેલ હતા અને આ કામે બચાવ પક્ષે આરોપી તરફેની જરૂરી રજુઆતો કરવામા આવેલ હતી તેમજ ફરીયાદ પક્ષનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ જાહેર જગ્યા ઉપરનો બનાવ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલા નથી તેવી રજૂઆતો કરવામાં આવેલા હતી તેમજ એવી કોઈ ચોક્કસ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને આરોપીઓ સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોય જેથી આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરેલ હતી. આ તમામ હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ રાજકોટના મહે.એડી.સીની.સીવીલ જજ સાહેબ એવા મંતવ્ય ઉપર આવેલ કે ફરીયાદપક્ષ પોતાનો કેસ નીઃશંકપણે સાબીત કરી શકેલ ન હોય આરોપીઓને પુરાવાના અભાવે નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલ છે.

આ કામે આરોપી વતી રાજકોટના એડવોકેટશ્રી રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, પ્રહલાદસીંહ બી. ઝાલા તેમજ મીતેશ એચ. ચાનપુરા રોકાયેલ હતા.





ઓડ નગરપાલિકા ચૂંટણી કોંગ્રેસ કાર્યાલયના ઉદ્દઘાટન તેમજ રેલીમાં ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા અમિતભાઈ ચાવડા ઉપસ્થિત રહી ઉમેદવારો તેમજ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. આણંદ જિલ્લા કોંગ્રેસ કા. પ્રમુખ ભૃગુરાજસિંહ ચૌહાણે પણ સભાને સંબોધિત કરી હતી. આ સભામાં શહેર પ્રમુખ દિપેનભાઈ પટેલ, ભુલેશભાઈ,ટીનાભાઈ,ઘનશ્યામભાઈ,સુરેશભાઈ,ભદ્રેશભાઈ,ગોવિંદભાઈ,મિલનભાઈ,મહેશભાઈ,મહેન્દ્રસિંહ,અલ્પેશભાઈ,ફકીરભાઈ સહિત નગરપાલિકાની ચૂંટણી લડતા તમામ ઉમેદવારો અને મોટી સંખ્યામાં આગેવાન કાર્યકરો હાજર રહ્યાં હતાં. તેમજ રેલી સ્વરૂપે સૂત્રોચ્ચાર સાથે ઓડ નગરમાં પરિભ્રમણ કર્યું હતું.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.14/2/2025 FRIDAY


# ગીર સોમનાથમાં ઓર્ગેનિક ગોળના નામે મોટું કૌભાંડ

## SOGએ ૫ સ્થળે દરોડા પાડી ૧.૧૫ લાખનો કેમિકલ-એસિડનો જથ્થો કર્યો જપ્ત, ખાદ્ય ગોળમાં ઔદ્યોગિક કેમિકલનો ઉપયોગ

વેરાવળ, તા. ૧૪ઃ ગીર સોમનાથ જિલ્લામાં ઓર્ગેનિક ગોળના નામે ચાલી રહેલા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ સુરવા, માધુપુર અને ખાંભામાં ત્રણ ગોળના રાબડા તેમજ તાલાલામાં બે ગોડાઉન પર દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે રૂ. ૧.૧૫ લાખની કિંમતનો કેમિકલ અને એસિડનો જથ્થો જપ્ત કર્યો છે.

જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ SOGની ટીમે તાલાલાના સુરવા ગામે શ્રીજી ફાર્મ પરથી


તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

૫૦ કિલો સોડિયમ હાઇડ્રો સલ્ફાઇટ, ૫૦ કિલો સેફોલાઇટ અને ૨૮૦ લિટર ઔદ્યોગિક એસિડ જપ્ત કર્યા. માધુપુર રોડ પરના ભાગ્યોદય ગોળ અને સુત્રાપાડાના ખાંભા ગામે ત્રિદેવ ગોળમાંથી પણ આવા જ પ્રકારના કેમિકલ્સ મળી આવ્યા. તપાસમાં જાણવા મળ્યું કે આ કેમિકલ્સની ખરીદી તાલાલામાં આવેલા ત્રિમૂર્તિ એન્ટરપ્રાઇઝ અને માધવ એન્ટરપ્રાઇઝના ગોડાઉનમાંથી થતી હતી. આ બંને સ્થળેથી ૪૦૦ કિલો સેફોલાઇટ કેમિકલનો જથ્થો મળી આવ્યો હતો. જન આરોગ્ય માટે જોખમી આ પ્રવૃત્તિની તપાસ માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમને પણ સામેલ કરવામાં આવી છે. વિભાગે તમામ સ્થળોએથી ગોળ અને કેમિકલના નમૂના લઈને લેબ ટેસ્ટિંગ માટે મોકલ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ દોષિતો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહીથી ભેળસેળ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

# રાજકોટ FRC ચેરમેનનું રાજીનામું સરકારે સ્વીકારી લીધુ

રાજકોટ, તા. ૧૪ઃ રાજકોટમાં બેસતી સૌરાષ્ટ્ર ઝોનની ફી નિયમન સમિતિના ચેરમેન દ્વારા રાજીનામું આપી દેવામાં આવ્યું છે. ગત મહિને રાજ્ય સરકાર સમક્ષ આપવામાં આવેલું રાજીનામું સરકાર દ્વારા મંજૂર કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ચેરમેન પી.જે.અગ્રાવત દ્વારા નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલા જ રાજીનામું આપી દેતા ૪૦૦ જેટલી ખાનગી શાળાઓની ફી નક્કી કરતા ઓર્ડર અટકી ગયા છે અને તેને કારણે હવે જ્યાં સુધી ફી નક્કી નહીં થાય ત્યાં સુધી ખાનગી શાળાઓ પોતે ઇચ્છે તે ફી લઈ શકશે અને તેથી વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ ફી આપી લૂંટાશે.

સૌરાષ્ટ્ર ઝોનની રાજકોટમાં કાર્યરત ફી નિયમન સમિતિમાં ચેરમેન તરીકે પી.જે.અગ્રાવત દ્વારા ગત મહિને એટલે કે જાન્યુઆરી માસમાં પોતાના પદ ઉપરથી રાજીનામું આપવા માટેનો પત્ર રાજ્ય સરકારને લખ્યો હતો. જે બાદ સરકાર દ્વારા તેમનું રાજીનામું મંજૂર કરી દેવામાં આવ્યું છે. જેઓ ગોંડલથી મોટાભાગે અઠવાડિયામાં ૨ વખત રાજકોટ આવી મિટિંગ કરતા હતા. ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ ખાનગી શાળાઓની ફી નક્કી કરવા માટેની બેઠકો બંધ થઈ ગઈ છે અને તેથી શાળાઓની ફી હવે નક્કી નહીં થઈ શકે. જેનો સીધો ફાયદો ખાનગી શાળાઓને થશે અને વિદ્યાર્થીઓ તથા વાલીઓને શાળાઓ દ્વારા જે ફી ભરવાનું કહેવામાં આવે તે જ ફી હાલ ભરવી પડશે. રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ અને સુરેન્દ્રનગરની ૫૦૦૦થી વધુ ખાનગી શાળાઓની ફી સૌરાષ્ટ્ર ઝોનની ~~FRC~~ ( ફી રેગ્યુલેશન કમિટી) દ્વારા નક્કી કરવામાં આવે છે. ત્રણ વર્ષ માટે ફી નક્કી થાય છે ત્યારે જે સ્કૂલો હાલમાં લેવામાં આવતી ફી મા કોઈ વધારો કરવા માંગતા નથી તેઓ સોગંદનામુ એટલે કે એફિડેવિટ કરે છે.

આ પ્રકારની ૪૬૦૦ જેટલી શાળાઓના સોગંદનામાના ઓર્ડર થઈ ચૂક્યા છે જ્યારે જે શાળાઓ પોતાની વાર્ષિક ફીમાં વધારો કરવા માગે છે તેવી ૪૦૦ જેટલી શાળાઓની દરખાસ્ત આવેલી છે. જેમાંથી મોટાભાગની શાળાઓના હિયરિંગ બાકી છે. જોકે હવે ચેરમેને જ રાજીનામું આપી દેતા ફી નિયમન અટકી ગયું છે. હવે શિક્ષણવિદ મુકુંદરાય મેહતા, ખાનગી શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ પ્રભુભાઈ સિંધવ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હાર્દિક વ્યાસ અને સિવિલ એન્જિનિયર પ્રવીણભાઈ વસાણીયા સભ્ય તરીકે રહ્યા છે.

# કલા મહાકુંભમાં વીરપુરની વિદ્યાર્થીની સૌરાષ્ટ્રઝોન કક્ષાએ દ્વિતીય નંબર મેળવી રાજ્યકક્ષાએ ભાગ લેશે

■ મૈત્રી આચાર્યએ કથ્થક કલામાં માતુશ્રી મોંઘીબા સ્કુલ અને વીરપુરનું ગૌરવ વધાર્યું




વીરપુર, તા. ૧૪ઃ સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વિરપુર મુકામે દીકરીઓની શ્રેષ્ઠ શિક્ષણસાથે સલામતી આપતી શાળા માતુશ્રી મોંઘીબા ગર્લ્સ હાઇસ્કુલનું ગૌરવ વધારતી શાળાની વિદ્યાર્થીની મૈત્રી રાજેશભાઈ આચાર્યએ ગુજરાત કલા મહાકુંભ -૨૦૨૫ કથ્થકસ્પર્ધામાં સૌરાષ્ટ્ર ઝોનકક્ષાએ દ્વીતિય નંબર મેળવીને ગાંધીનગર મુકામે આયોજિત રાજ્ય કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધામાં ભાગ લેશે તે બદલ શાળા પરિવાર દ્વારા તેમને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે તેમની અંદર છુપાયેલી કલા ક્ષમતાને શાળાના આચાર્યશ્રી સ્વાતિબેન દેવમુરારી દ્વારા તેમજ શિક્ષક શ્રી ધામેલીયા નયનાબેન દ્વારા સતત માર્ગદર્શન સાથ, સહકાર તેમજ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલ છે.

રાજ્ય કક્ષાએ પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને માતુશ્રી મોંઘીબા શાળા તથા તેમના માતા પિતા, તેમજ ગુરૂજનો અને વીરપુર ગામનું અને બ્રાહ્મણ સમાજનું નામ રોશન કરે તેવા આશીર્વચન વીરપુરવાસીઓ પાઠવી રહ્યા છે.

# શાપર-વેરાવળ બ્રહ્માકુમારીઝ આશ્રમ પર કબ્જાના પ્રયાસો

## ■ ૨ શખસોએ જગ્યા પચાવી પાડવા આશ્રમને તાળા મારી મર્ડરની ધમકી આપતા હોવાની કલેક્ટરને બ્રહ્માકુમારીની રજૂઆત

રાજકોટ, તા. ૧૪: રાજકોટના શાપર વેરાવળમાં બ્રહ્માકુમારીઝનાં આશ્રમમાં અવારનવાર ૨ શખસો તાળા મારી ત્રાસ આપતા હોવાની જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. આશ્રમના બ્રહ્માકુમારી હીનાબેને એવો પણ આક્ષેપ કર્યો હતો કે, બે દિવસ પહેલા આ શખસો દ્વારા આશ્રમ બંધ કરી દેવામાં આવ્યો હતો અને કલેક્ટરને રજૂઆત કરીશ તો તારું મર્ડર કરાવી નાખીશ એવી ધમકી આપી હતી. જેનો લેખિત અરજીમાં પણ ઉલ્લેખ છે. આ સાથે જ બે દિવસ પહેલા શાપર વેરાવળ પોલીસ મથકમાં કલાકો સુધી બેસાડી રાખવામાં આવી હોવાના પણ આક્ષેપો કર્યા હતા.



લેખિત રજુઆતમાં બ્રહ્માકુમારી હીનાબેનનાં જણાવ્યા પ્રમાણે વેરાવળ શાપરમાં બ્રહ્માકુમારી આશ્રમ ૨૦ વર્ષથી ચલાવીએ છીએ અને સેવાકીય પ્રવૃત્તિઓ કરીએ છીએ. જોકે, છેલ્લા થોડા વર્ષોથી વજુ ગોહિલ અને ગોવિંદ ટોપટા બંને શખ્સો અવારનવાર આશ્રમ ખાતે આવે છે અને તાળા મારી દે છે. આ બંને શખ્સો આશ્રમનો કબ્જો કરવા માગતા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. આ સાથે જ કલેક્ટરને રજૂઆત કરીશ તો જાનથી મારી નંખાવી દેવાની ધમકીઓ પણ આપતા હોવાનુ જણાવ્યું છે.

બ્રહ્માકુમારી આશ્રમ સામે સાર્વજનિક જગ્યામાં ગેરકાયદે કબ્જો અને સર્વોદય સોસાયટીમાં ૫૦૦ વાર કબ્જો કરેલ હોવાનો પણ અરજીમાં ઉલ્લેખ છે. જે બાબતે અમોએ અનેક રજુઆતો કરેલ છે. આ બંને વ્યકિતઓ સાર્વજનિક જગ્યા પચાવી ભાડે આપેલ હોવાની મને જાણ હોવાથી મને મર્ડર કરાવી નાખવાની ધમકીઓ આપતા હોય આ બંને શખસો સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરી છે.

# ગુજરાતમાં ચારેય મહાનગરોમાં ગરમીનો પારો ૩૦ને પાર

## ■ લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સતત વધારો થતાં ગરમીનું પ્રમાણ વધ્યું; બેવડી ઋતુનો અનુભવ થશે



અમદાવાદ, તા. ૧૪: ગુજરાતમાં સતત લઘુતમ અને મહત્તમ તાપમાન વધી રહ્યું છે. તેવામાં લઘુતમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૭થી ૧૮ ડિગ્રી સેલ્સિયસનો ફેરફાર હોવાથી બેવડી ઋતુનો અનુભવ થાય છે. જ્યારે ચારેય મહાનગરોમાં ગરમીનો પારો ૩૦ ડિગ્રીને પાર પહોંચતા ગુજરાતવાસીઓ ગરમીમાં શેકાશે. ફેબ્રુઆરી માસમાં હજુ પણ આ પ્રકારનું વાતાવરણ યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાત ઉપર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા છે, પરંતુ ઉત્તર ભારતમાં હાલમાં કોઈપણ વેસ્ટન ડિસ્ટર્બન્સની અસર નથી જેને પગલે તાપમાનનો પારો વધી રહ્યો છે. તથા ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે જે પણ મેદાની પ્રદેશમાં થઈને ગુજરાત તરફ આવી રહ્યા છે. જેને કારણે તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. આગામી ત્રણ દિવસ લઘુતમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની શક્યતાઓ નહિવત છે, પરંતુ તાપમાન રાઈઝિંગ ટેન્ડેન્સીમાં રહેશે તથા ત્રણ દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનું વધારો થવાની શક્યતાઓ છે તથા મહત્તમ તાપમાન પણ આગામી એક સપ્તાહ સુધીમાં ૩૫ ડિગ્રી સેલ્સિયસ પહોંચે તેવી શક્યતાઓ છે. ફેબ્રુઆરી માસમાં જ વધતા જતા તાપમાનને કારણે ગુજરાતવાસીઓ હેરાન થઈ રહ્યા છે. ત્યારે અમદાવાદમાં પણ આગામી ૨૪ કલાક દરમિયાન વાતાવરણ શુષ્ક રહેવાની સાથે લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતાઓ છે.

લઘુતમ અને મહત્તમ તાપમાન રાઈઝીંગ ટેન્ડેન્સીમાં રહેવાની શક્યતાઓ છે એટલે કે હજુ પણ આગામી પાંચથી સાત દિવસ દરમિયાન લઘુતમ અને મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. બેવડી ઋતુનો અનુભવ થતાં ગુજરાતમાં વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં પણ વધારો થવાની શક્યતાઓ છે. અગાઉ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર ૧૪ ફેબ્રુઆરી બાદ રોગિષ્ટ ઋતુ શરૂ થશે જે સતત બે મહિના સુધી યથાવત રહેશે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નલિયામાં ૧૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું તથા સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૩૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્યથી વધુ નોંધાઈ રહ્યું છે. તેવામાં અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૭.૪ ડિગ્રી સેલ્સિયસ જ્યારે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત વડોદરામાં લઘુતમ તાપમાન ૧૬.૪ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૧.૮ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં લઘુતમ તાપમાન ૧૫.૪ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૪.૪ ડિગ્રી સેલ્સિયસ તથા સુરતમાં લઘુતમ તાપમાન ૧૯.૮ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# ઉંદર પર અત્યાચાર કરશો તો કાર્યવાહી !

■ **રાજકોટનાં જીવદયા પ્રેમીએ સિવિલ હોસ્પિટલને પત્ર લખી ચેતવણી આપી, મૂષકોને નુકસાન ન થાય તે રીતે પકડી સલામત સ્થળે છોડ્યાનો તંત્રએ જવાબ આપ્યો**



રાજકોટ, તા. ૧૪: તાજેતરમાં રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ઉંદરોનો ત્રાસ વધ્યો હોવાનું સામે આવ્યું હતું. દિવ્યભાસ્કર દ્વારા આ અંગેનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવતા સિવિલ તંત્ર દ્વારા પાંજરા મૂકીને ૫૦ કરતા વધુ ઉંદર પકડી તેને સલામત સ્થળે છોડવામાં આવ્યા હતા. જોકે, આ અંગે રાજકોટનાં ઉંદર પર અત્યાચાર કરશો તો કાર્યવાહી !એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય અને જીવદયા પ્રેમી રાજેન્દ્ર શાહે સિવિલ તંત્રને પત્ર લખ્યો હતો. જેમાં ઉંદરોને નુકસાન થાય તો વિવિધ કલમો હેઠળ ગુનો પણ નોંધાઈ શકે એવી ચેતવણી આપી હતી. જેને લઈને 'સારા કામમાં સો વિઘ્ન' જેવો ઘાટ ઘડાયો હતો. જોકે, સિવિલ તંત્રએ મૂષકોને નુકસાન ન થાય તે રીતે પકડીને સલામત સ્થળે છોડ્યાનો જવાબ આપતા હાલ મામલો થાળે પડી ગયો છે.

**સિવિલને લખેલા પત્રનો તંત્ર દ્વારા તુરંત જવાબ આપ્યો**

એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય અને જીવદયા પ્રેમી એવા રાજેન્દ્ર શાહે સિવિલ હોસ્પિટલને પત્ર લખીને રજુઆત કરી હતી. જેમાં સત્તાધીશોને ઉંદરો પર અત્યાચાર કેમ કરો છો? શા માટે તમારા પર ઈંડ્ઈ-કલમ ૪૨૮, ૪૨૯ મુજબ કાર્યવાહી ન કરવી? એવુ લખાણ લખાયું હતું. એનિમલ વેલ્ફેર બોર્ડના લેટરપેડ પર લખેલો પત્ર મળતા સિવિલનાં અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ગુજરાત એનિમલ વેલ્ફેર બોર્ડમાં હોદ્દાની રુએ જિલ્લા કલેક્ટર અધ્યક્ષ છે. જેને પગલે આ પત્ર મળતા સિવિલ તંત્ર દ્વારા તરત જ તેનો જવાબ આપવામાં આવ્યો હતો.

**ઉંદરોને આજી નદીને કાંઠે સુરક્ષિત રીતે છોડવામાં આવ્યા છે**

એનિમલ વેલ્ફેર બોર્ડનાં લેટરપેડ પર મળેલા આ પત્રનો જવાબ આપતા સિવિલ અધિક્ષકે જણાવ્યું હતું કે, આ ઉંદરોને પાંજરામાં પૂરી આજી નદીને કાંઠે અન્ય પશુઓ હેરાન કરે નહીં તે રીતે છોડવામાં આવી રહ્યા છે. અમારો ઈરાદો કોઈપણ જીવને હિંસા ન થાય તેમજ દર્દીઓને પણ ઉંદરોથી સુરક્ષિત રાખવાનો છે. જેમાં દર્દીઓને કોઈ નુકસાન ન થાય અને ઉંદર ન કરડે તે અમારી પ્રાથમિકતા છે ત્યારે આ બાબતમાં કોઈપણ કાયદાનો ભંગ કરવામાં આવતો નહીં હોવાથી કાયદેસરની કાર્યવાહીનો સવાલ રહેતો નથી.

**પાંજરાઓ મૂકીને ઉંદરો પકડતાં એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્યએ પત્ર લખ્યો હતો**

દિવ્યભાસ્કર સાથે કરેલી ટેલીફોનિક વાતચીતમાં સિવિલ અધિક્ષક ડો. મોનાલી માંકડિયાએ જણાવ્યું હતું કે, ગત ૬ ફેબ્રુઆરીનાં રોજ સિવિલ હોસ્પિટલમાં ઉંદરોનો ત્રાસ હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને પાંજરાઓ મૂકીને ઉંદરો પકડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ અંગે એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય અને જીવદયા પ્રેમી એવા રાજેન્દ્ર શાહે અમને પત્ર લખ્યો હતો. જેમાં કોઈ જીવની હિંસા ન થાય તેનો ખ્યાલ રાખવા માટે રજુઆત કરવામાં આવી હતી. આ પત્રનો લેખિત જવાબ તેમને આપવામાં આવ્યો છે. અમે માત્ર ઉંદરોને પકડી સલામત સ્થળે ખસેડતા હોવાનું તેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે.

**હું દર્દીઓ અને ઉંદરો બંને સાથે છું**

સમગ્ર મામલે એનિમલ વેલ્ફેર બોર્ડના મેમ્બર રાજેન્દ્ર શાહે જણાવ્યું હતું કે, ઉંદરો સિવિલ હોસ્પિટલમાં અંદર આવે છે કેમ? તે મામલે તંત્ર દ્વારા પહેલા નિરાકરણ કરવું જોઈએ. ઉંદર લોકોને હેરાન કરે છે તે વાત પણ સાચી છે, પરંતુ તેને મારી ન શકાય. ઈંડ્ઈની કલમો ૪૨૮,૪૨૯ એટલે કે ઈગજ કલમ ૩૨૫ મુજબ કોઈપણ પશુ-પક્ષી સાથે હિંસા કરવી તે ગુનો બને છે. તેથી, સિવિલ તંત્રને પત્ર લખી આ બાબતે જાગૃત રહેવા રજૂઆત કરી હતી. જોકે, સિવિલ હોસ્પિટલ તંત્રએ મારી વાતને ગંભીરતાપૂર્વક લીધી છે અને ઉંદરોને આજીડેમ નજીક સલામત સ્થળે ખસેડવામાં આવતા હોવાનો જવાબ આપ્યો છે. જેનાથી હું સંતુષ્ટ છું. હું દર્દીઓ અને ઉંદરો બંને સાથે છું પરંતુ, પ્રાણીઓ સાથે હિંસા ન થવી જોઈએ.

## ઇ-વેંચાણ સહિત બિઝનેસમાં રસ છે? મહિલાઓને નિશુલ્ક તાલીમ અપાશે

રાજકોટ, તા. ૧૩

મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત શહેરમાં કાર્યરત સખી મંડળના મહિલાઓ સ્વ-નિર્ભર બને તે માટે જેઓ વેપાર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય તેઓને પ્રોત્સાહન આપી, મહિલાઓની આર્થિક ભાગીદારી મજબુત બનાવવા માટે ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા, અમદાવાદ મારફત મહિલા ઉદ્યોગ સાહસિકો માટે એક માસની નિશુલ્ક તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમમાં મહિલાઓ વેપાર પ્રવૃતિમાં આગળ આવે તે માટે ચીજ-વસ્તુઓના ઉત્પાદન વેચાણ વૃધ્ધિ ટેકનોલોજીના માધ્યમથી ઈ-વેચાણ વ્યવસ્થા ઉપરાંત ચીજ-વસ્તુની ગુણવત્તાને ધ્યાને લઈ ચીજ-વસ્તુની કિંમત, નફાનું માર્જીન સહિતની સંપૂર્ણ તાલીમ આપવામાં આવશે.

શહેરમાં કાર્યરત સખી મંડળના વેપાર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને રસ ધરાવતી મહિલાઓ પ્રોજેક્ટ શાખા, રૂમ નં. ૯, સેન્ટ્રલ ઝોન કચેરી, ઢેબર રોડ ખાતે તા.૨૪ સુધીમાં અરજી કરી શકશે તેમજ આ અંગેનું અરજી ફોર્મ, શરતો વેબસાઈટ www.rmc.gov.in ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે અને વિશેષ માહિતી પ્રોજેક્ટ શાખામાંથી મળશે તેમ જણાવાયું છે.

## બાલભવન ખાતે યોજાયેલ રમતગમત સ્પર્ધામાં બહોળી સંખ્યામાં બાલસભ્યોએ આનંદભેર ભાગ લીધો

રાજકોટ, તા.૧૩

બાલભવન રાજકોટદ્વારા દર શનિવારે અવનવા કાર્યક્મો અને સ્પર્ધાઓનું આયોજન થતું જ હોય છે. શનિવાર તા. ૦૮-૦૨-૨૦૨૫ નાં રોજ બાલસભ્યો માટે રમત ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગ્રુપ - અ (૫ થી ૧૦ વર્ષ) અને ગ્રુપ - ઈ (૧૧ થી ૧૬) વર્ષ નાં ગ્રુપ પ્રમાણે સંગીત ખુરશી, ટાર્ગેટ બોલ, પાસિંગ બોલ, રામ રાવણ અને બોમ્બ ફૂટયો જેવી વિવિધ રમતોની સ્પર્ધા યોજાઇ હતી.

સ્પર્ધામાં દરેક રમતમાં ૧ થી ૩ ક્રમાંક પ્રમાણે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. તેમજ પ્રોત્સાહન ઇનામો પણ આપવામાં આવ્યા હતાં. જેમાં ગ્રુપ - અ (૫ થી ૧૦ વર્ષ) ની સંગીત



ખુરશીમાં ફિશ પુજારા-પ્રથમ, પલક અભંગી-દ્વિતિય, પંશુલ ચાવડા-તૃતિય, આધ્યાંશ રાવ-ચતુર્થ, ચાર્વી સોજીત્રા -પાંચમાં ક્રમાંકે, જ્યારે ટાર્ગેટ બોલ સ્પર્ધામાં, વંશી પડીયા -પ્રથમ, તુષ્ય કાસુન્દ્રા -દ્વિતિય, ક્રમાંકે વિજેતા થયેલ જ્યારે ગ્રુપ ઈ ની રામ રાવણ માં ત્રીશા ભટ્ટ - પ્રથમ, અંબર બેલીમ-દ્વિતીય અને મીત મર્થક -તૃતીય ક્રમાંકે જ્યારે પાસિંગ બોલ સ્પર્ધામાં ધ્રુવિ મોદી- પ્રથમ, રીવા વિઠ્ઠલાણી - દ્વિતિય, પ્રથમ ભાડેશીયા - તૃતીય અને બોમ્બ ફૂટયો સ્પર્ધામાં આરાધ્યા પોબારૂ-પ્રથમ, દ્વિજા સાતા-દ્વિતિય અને નવ્યા ગણાત્રા - તૃતીય ક્રમાંક પ્રમાણે વિજેતા થયેલ.?

# રાજકોટમાં ૧૯ ફેબ્રુઆરીએ જનરલ બોર્ડ

## RMC કચેરી મળનાર બેઠકમાં સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલા બેજટ પર ચર્ચા કરાશે, શાસક–વિપક્ષ વચ્ચે ઘર્ષણ બાદ બહાલી આપશે

રાજકોટ, તા. ૧૪ઃ રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ૧૧ ફેબ્રુઆરીનાં રોજ વધારાનાં કરબોજ વિહોણું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. આ બજેટ અંગે ચૂંટાયેલા નગરસેવકો ચર્ચા કરી બહાલી આપી શકે તે માટે જનરલ બોર્ડની બેઠક આગામી ૧૯ ફેબ્રુઆરીને બુધવારનાં રોજ બોલાવવામાં આવી છે. મેયરનાં ટેલિફોનિક આદેશ દ્વારા આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો છે. જનરલ બોર્ડની બેઠકમાં શાસક પક્ષ અને વિપક્ષનાં કોર્પોરેટરો વચ્ચે આ બજેટ અંગે ચર્ચાઓ કરવામાં આવશે. જેમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે બજેટ અંગેની ચર્ચા-વિચારણા કરવામાં આવશે. જોકે, વિપક્ષનાં ઓછા સંખ્યાબળનાં કારણે અંતમાં બજેટને બહાલી આપવામાં આવશે.

**શાસક અને વિપક્ષ વચ્ચે બજેટ અંગે ચર્ચા થશે**

રાજકોટ મનપાનાં કમિશનર દ્વારા ગત ૩૧ જાન્યુઆરીએ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા ૧૫૦ કરોડનો વધારાનો કરબોજ સૂચવવામાં આવ્યો હતો. જોકે, ૧૧ ફેબ્રુઆરીના રોજ સ્ટેન્ડિંગ દ્વારા સુધારા-વધારા સાથેનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. જેમાં વધારાનો કરબોજ સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યો હતો. ત્યારે હવે આ બજેટને બહાલી આપવા જનરલ બોર્ડની બેઠક આગામી ૧૯ ફેબ્રુઆરીને બુધવારનાં રોજ બોલાવવામાં આવી છે. મેયરનાં ટેલિફોનિક આદેશ દ્વારા આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો છે. જનરલ બોર્ડની બેઠકમાં શાસક પક્ષ અને વિપક્ષનાં કોર્પોરેટરો વચ્ચે આ બજેટ અંગે ચર્ચાઓ કરવામાં આવશે.

**શાસક અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ જોવા મળવાની શક્યતા**

જોકે સ્ટેન્ડિંગ દ્વારા વધારાનો કરબોજ હટાવી લેવામાં આવ્યો છે. તેમજ કોઈ રાજકીય ભેદભાવ રાખ્યા વિના વિપક્ષી નેતાની ગ્રાન્ટ પણ વધારી આપી છે. એટલું જ નહીં વિપક્ષનાં વોર્ડમાં પણ વિકાસ કામોના પ્રોજેક્ટ્સ બજેટમાં મુકવામાં આવ્યા છે. છતાં ગત બજેટમાં બાકી રહેલા કામો તેમજ નવા બજેટમાં ત્રણ વર્ષ બાદ આજી રિવરફ્રન્ટ યોજના પડતી મુકવી અને વિપક્ષે સૂચવેલા જે કામોનો સમાવેશ કરવામાં ન આવ્યો હોય તેવા કામોને લઈ વિપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવશે. જેને લઈને શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઘર્ષણનાં દૃશ્યો જોવા મળે તેવી શક્યતા છે. પરંતુ વિપક્ષનાં માત્ર ૪ નગરસેવકો હોય સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલા બજેટને જનરલ બોર્ડમાં પણ બહાલી આપવામાં આવશે.



### જનરલ બોર્ડનાં એજન્ડામાં મુકાયેલી દરખાસ્તો

રાજકોટ મનપાનાં વર્ષ ૨૦૨૧થી ૨૪નાં આવક-ખર્ચ અંગેના હિસાબો તથા ડિજિટલાઈઝ્ડ ફોર્મમાં જાળવેલા આનુષંગિક રેકર્ડ, દસ્તાવેજો, અને વાઉચર્સ, રોકાણો અને લેવામાં આવેલ ધિરાણોને મંજુરી આપવા તેમજ મહાપાલિકાનું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું રિવાઈઝ્ડ અંદાજપત્ર અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર મંજુર કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પાણી દર નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વાહન કર નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે થિએટર ટેક્ષ નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલકત વેરામાં વળતર યોજના અમલી કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓનલાઈન પેમેન્ટમાં વળતર આપવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે એન્વાયરમેન્ટ ચાર્જ નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ફાયર ટેક્સ(કર) નિયત કરવા અંગે નિર્ણય લેવા બાબત.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું વાર્ષિક અંદાજપત્ર મંજુર કરવા બાબત.

# શ્રી સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ દ્વારા યોજાશે ૪૩મો સમૂહ લગ્ન મહોત્સવ

રાજકોટ, તા.૧૩ઃ શ્રી સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ - રાજકોટ દ્વારા ૪૩માં સમૂહ લગ્ન ઉત્સવનું આયોજન તા.૨૦.૦૪.૨૦૨૫ નાં રોજ પટેલવાડી(વાણીયાવાડી), રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છતા લેઉવા પટેલ સમાજના યુવક યુવતીઓના વાલીઓ સંસ્થાનો સંપર્ક કરી તા. ૨૦.૦૩.૨૦૨૫ સુધીમાં ફોર્મ ભરી શકે છે. ફોર્મ ભરવા માટે તથા વધુ માહિતી માટે શ્રી સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ-રાજકોટ પટેલવાડી, ૧/૧૦ દયાનંદનગર (વાણીયાવાડી), જલારામ ચોક, રાજકોટ-૦૨, મો. નં. ૯૩૨૮૫૨૦૯૩૦ ઉપર સંપર્ક સાધી શકાશે. ફોર્મ વિતરણ તથા ભરવાનો સમય દરરોજ સવારે ૦૯.૦૦ થી ૧૨.૦૦ અને બપોરે ૦૩.૦૦ થી ૦૬.૦૦ દરમિયાન રહેશે. દીકરીઓના કન્યાદાન માટે અમુલ્ય ફાળો અથવા વસ્તુદાન સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે સંસ્થાના પ્રમુખશ્રી સંજયભાઈ ઢોલરીયા તેમજ માનદમંત્રીશ્રી વેલજીભાઈ ડોબરીયાનો સંપર્ક કરી શકાશે.

## ૩૧ ગુનાઓમાં સંડોવાયેલ શખ્સ પાસામાં ધકેલાયો

રાજકોટઃ રાજકોટ શહેરના અનેકવિદ ૩૧ ગુનાઓમાં સંડોવાયેલ શખ્સને માલવીયાનગર પોલીસે પાસાની દરખાસ્ત તૈયાર કરતા પાસાનું વોરંટ ઈસ્યુ કરતા અટકાયત કરી ભુજ જેલ હવાલે કરેલ છે.માલવીયાનગર પોલીસે મથકના પીઆઈ જે.આર. દેસાઈએ ચોરી અને મારામારીનાં ગુનામાં સંડોવાયેલ મેહુલ ઉર્ફે ભુરી ઉર્ફે મામો ધનજીભાઈ જેઠવા રાજપુત રે. મવડી પ્લોટ નવલનગર શેરી નં.૯ રાજકોટ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરને મોકલતા તેઓએ દરખાસ્ત મંજુર કરી વોરંટ ઈશ્યુ કરતા મેહુલ જેઠવાની અટકાયત કરી ભુજ જેલ હવાલે કર્યો છે. આ કામગીરી પીઆઈ જે.આર. દેસાઈ, પો.સ.ઈ. એસ.એ. સિંધી, હે.કો. મહેશભાઈ, શૈલેષભાઈ, અજયભાઈ, દિનેશભાઈ, પીસીબીના એમ. આર. ગોંડલીયા, રાજુભાઈ, ઈન્દ્રજીતસિંહે કરી હતી.

## દારૂ ભરેલી કાર સાથે એક ઝડપાયો

રાજકોટઃ પીસીબી પોલીસે પેટ્રોલીંગ દરમિયાન કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે દેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને ઝડપી લઈ ગુનો નોંધેલ છે. પીસીબીના હે.કો. કિરતસિંહ વિક્રમસિંહ અને પો.કો. વાલજીભાઈ જીવાભાઈને મળેલી બાતમી આધારે કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે બ્રહ્માણી હોલ સામે હુન્ડાઈ વેન્યુ કાર નં. જીજે ૦૩ એનપી ૩૧૨૧ને અટકાવી તલાસી લેતા તેમાંથી દેશી દારૂ લીટર ૧૦૦ કિ.રૂા. ૨૦ હજારનો જથ્થો બાચકા મળી આવતા કારમાં રહેલા એભલ હીમતભાઈ સોલંકી રે. ગોકુલ પાર્ક શેરી નં.૨, કોઠારીયા રોડ રાજકોટ મુળ કાનપરા તા.જસદણને ઝડપી લઈ ગુનો નોંધેલ છે. આ કામગીરી પીસીબી ઈ.પો.ઈન્સ. એમ.આર. ગોંડલીયા, પો.સ.ઈ. એમ.જે. હુણ, પી.બી. ત્રાજીયા, એએસઆઈ મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ પો.હે.કે. કિરતસિંહ ઝાલા, કરશભાઈ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, પો.કો. યુવરાજસિંહ રાણા, વિજયભાઈ મેતા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકીએ કરી હતી.

# બોગસ દસ્તાવેજ કૌભાંડમાં ૮ નોંધ રિવિઝનમાં લેવાઈ

- **રાજકોટમાં દસ્તાવેજ નોંધણી ભવનમાં ૧૭ દસ્તાવેજોમાં થયેલા ચેડા પ્રકરણમાં વહિવટી તંત્રની તપાસ, મુખ્ય સૂત્રધાર હજૂ પણ પોલીસ પકડથી દૂર**




રાજકોટ, તા. ૧૪: રાજકોટમાં બોગસ દસ્તાવેજ કૌભાંડ સામે આવતા ખળભળાટ મચી ગયો હતો. ૧૭ જેટલા દસ્તાવેજ બોગસ થયાનું ખુલ્યું હતું. જેમાં પોલીસ ફરિયાદ બાદ દસ્તાવેજ નોંધણી ભવનના ખાનગી એજન્સીના કોન્ટ્રાક્ટ આધારિત મેનેજર સહિતનાની સંડોવણી બહાર આવી હતી. પોલીસની ઢીલી પડી ગયેલી તપાસ વચ્ચે વહિવટી તંત્રની તપાસમાં ૮ દસ્તાવેજોમાં ફેરફાર કરાયાનું બહાર આવતા કલેક્ટર પ્રભવ જોશીએ આ આઠ દસ્તાવેજોની નોંધ રિવિઝનમાં લઈ નોટિસો ફટકારી છે. જોકે, આ પ્રકરણમાં મુખ્ય આરોપી કિશન ચાવડા હજુ પણ ફરાર છે.

**શંકાસ્પદ દસ્તાવેજોની નોંધ રિવિઝનમાં લઈ કલેક્ટરે નોટિસ ફટકારી**

ગત ડિસેમ્બર-૨૦૨૪માં આ બોગસ દસ્તાવેજ કૌભાંડ ખુલતા કલેક્ટર પ્રભવ જોશીએ તપાસના આદેશ આપ્યા હતા.તેમજ આ પ્રકરણમાં સીટી પ્રાંત -૧ અધિકારી ચાંદની પરમારને તપાસ સોંપવામાં આવી હતી. જે બાદ તપાસ રિપોર્ટ સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા કલેક્ટર પ્રભવ જોશીને સોંપવામાં આવ્યો હતો. આ કૌભાંડમાં તપાસના અંતે ૮ દસ્તાવેજોમાં ફેરફાર કરાયાનું બહાર આવ્યું છે. આ શંકાસ્પદ દસ્તાવેજોની નોંધ રિવિઝનમાં લઈ કલેક્ટર દ્વારા નોટિસો ફટકારવામાં આવી છે.

**મુખ્ય આરોપી કિશન ચાવડા હજુ પણ ફરાર**

આ કૌભાંડ ખુલતા ગત ડિસેમ્બર-૨૦૨૪માં પોલીસ દ્વારા દસ્તાવેજ નોંધણી ભવનમાં દરોડો પાડી હંગામી કર્મચારી જયદીપ ઝાલાની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ કોન્ટ્રાક્ટર હર્ષ સોની અને કારકુન મનીષની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ પ્રકરણમાં મુખ્ય આરોપી કિશન ચાવડા હજુ પણ ફરાર છે. દરમિયાન આ બોગસ દસ્તાવેજ કૌભાંડની સીટી પ્રાંત ૧ ચાંદની પરમાર દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી. ૮ જેટલી નોંધો પ્રમાણિત થઈ હોવાનું બહાર આવતા આ તમામ નોંધ રિવિઝનમાં લેવા કલેક્ટરને રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

# રાજકોટનું ક્રિકેટ સ્ટેડિયમ ભાડે આપવાની દરખાસ્ત રદ કરોઃ વિપક્ષ

- **મહાનગરપાલિકાના નવા બજેટમાં પ્રજા ઉપર નાખવામાં આવેલ કરબોજ રદ કરી આવકનો નવો સ્ત્રોત ઉભો કરવા માટે આખુ વર્ષ ખાલી રહેતું માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ રમત–ગમત**



રાજકોટ, તા. ૧૪: મહાનગરપાલિકાના નવા બજેટમાં પ્રજા ઉપર નાખવામાં આવેલ કરબોજ રદ કરી આવકનો નવો સ્ત્રોત ઉભો કરવા માટે આખુ વર્ષ ખાલી રહેતું માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ રમત-ગમત તેમજ અન્ય કાર્યક્રમો અને રાસોત્સવ માટે ભાડે આપી વર્ષે રૂ. ૧ કરોડની આવક ઉભી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જેનો વિરોદ્ધપક્ષના નેતા વસરામભાઈ સાગઠિયા અને શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી દ્વારા વિરોધ કરી ક્રિકેટ સ્ટેડિયમ ભાડે આપવાની દરખાસ્ત રદ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

વિરોદ્ધ પક્ષના નેતા વસરામભાઈ સાગઠિયાએ રજૂઆત કરી જણાવેલ કે, ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખર્ચ બોજને પહોંચી વળવા માટે અને ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષમાં વધુ આવકના સ્ત્રોતો ઊભા કરવા માટે મહાનગરપાલિકાને આત્મનિર્ભર બનાવવા માટે માધવરાવ સિંધીયા ક્રિકેટ સ્ટેડિયમ કોમર્શિયલ હેતુ માટે ભાડે આપવાનું આગામી વર્ષમાં જે વિચારણા કરી છે. તેને રદ કરવી જોઈએ રાજકોટ મહાનગરપાલિકા રાજકોટ રેસકોર્સ સંકુલમાં આવેલ માધવરાવ સિંધિયા ક્રિકેટ મેદાન અધ્યતન બનાવવાનું કામ હાલ ગતિમાં છે તો આ સ્ટેડિયમને ક્રિકેટ સિવાય અન્ય રમતગમત ટુર્નામેન્ટ યોજવા, ઉપરાંત લગ્ન સમારંભ, ડાંડિયારાસ, મ્યુઝિકલ નાઈટ સહિતના કોમર્શિયલ હેતુ માટે ભાડે દેવામાં આવી અંદાજે એક કરોડની કમાણી કરવાનું જે આયોજન છે.

જેમાં એક કરોડની આવક કરતા જાવક વધારે રહેશે કારણ કે આ ગ્રાઉન્ડ એ ફક્ત ક્રિકેટના હેતુ માટે બનાવેલ છે ત્યારે આ ગ્રાઉન્ડમાં અન્ય સમારંભો થાય તો ક્રિકેટની પીચ, ક્રિકેટ ગ્રાઉન્ડ, પેવેલિયન માં અને ઊગતા ક્રિકેટરો અને ખેલાડીઓને પણ ગ્રાઉંડ માં મંડપ કે અન્ય માચડાઓ ફિટ થાય તો ગ્રાઉંડ માં ખાડાઓના પગલે ખેલાડીઓને ઈજા થવાની શક્યતા હોય અને ગ્રાઉંડ માં નુકસાની થાય તેમ હોવાને પગલે વિષય દર્શીત બાબતે નિર્ણય યોગ્ય કાર્યવાહી કરવા અમારી અપીલ છે અને આપ દ્વારા થયેલ કાર્યવાહીની જાણ કરશો.

# મેયરના પ્રયાગરાજ પ્રવાસના વિવાદમાં યુ-ટર્ન

## ચેરમેને કહ્યું હતું– પ્રતિ કિ.મી. ૨ રૂપિયા ચૂકવી બહાર જઈ શકે, મેયરે પરત આવી પ્રતિ કિ.મી. ૧૦ લેખે ચૂકવણી કરી

રાજકોટઃ રાજકોટનાં પ્રથમ નાગરિક નયનાબેન પેઢડીયા સરકારી ઈનોવા કાર લઈને મહાકુંભમાં ગયા હતા. જેમાં તેઓ માત્ર રૂ. ૨ લેખે કાર લઈ ગયાનું સામે આવ્યા બાદ મેયરે રૂ. ૧૦ પ્રતિકિમીની ચુકવણી કરવાનું જાહેર કર્યું હતું. ગત મોડીરાત્રે મેયરનો આ પ્રવાસ પૂર્ણ થતાં આજે સવારે કાર ફાયર વિભાગને પરત સોંપવામાં આવી હતી. આ કાર કુલ ૩૪૭૮ કિમી દોડી હોવાથી મેયરે પ્રતિકિમી રૂ.૧૦ લેખે ૩૪,૭૮૦નું બિલ પણ ભર્યું હતું. આવા પ્રવાસ માટે પ્રતિકિમી રૂ. ૧૦ ચૂકવવાનો ઠરાવ અગાઉ જ થઈ ચૂક્યો હોવાની સ્પષ્ટતા મેયરનાં પીએ દ્વારા કરવામાં આવી હતી. જો કે, વિવાદ થતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને પ્રતિ કિ.મી. ૨ રૂપિયાનો જ દર હોવાની વાત કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગત તા. ૬થી ૧૨ ફેબ્રુઆરી દરમ્યાન રાજકોટનાં મેયર નયનાબેન પેઢડીયા તેમના પતિ તેમજ મહિલા મોરચાના અધ્યક્ષ સહિતનાઓ સાથે મહાકુંભનાં પ્રવાસે ગયા હતા.




રાજકોટ મહાનગરપાલિકા
Miscellaneous Collection Receipt
પહોંચ
કોલ સેન્ટર નં. 1800 123 1973
www.rmc.gov.in

પહોંચ નંબર : 2024-2025/MI/098184
ઘર નંબર :
નામ : MAYOR SHREE RMC
સરનામું :
તારીખ : 13/02/2025
યુનીક નંબર :
Print Date : 13-02-2025 16:11:28

Income

| Description | Amount |
|---|---|
| FIRE ANGAT PRAVAS FUEL CHARGE | 34780.00 |
| Total : | 34780.00 |

Remarks : RMC/F.B./OW NO-3210 DT-13/02/2025 MUJAB HON. MAYOR SHREE DT-06/02/2025 TO DT-12/02/2025 SUDHI NA ROJ RAJKOT TO PRAGRAJ (UTTAR PRADESH) ANGAT PRAVAS JATA KM-3478 NA RS-10/- LEKHE CHARGE VASULAT (CAR NO-GJ03GA2020)

Amt in Words : Rs Thirty Four Thousand Seven Hundred Eighty Only

પેમેન્ટનો પ્રકાર : Cash
બેન્કનું નામ :
ચેક નંબર :
ચેકની તારીખ :
પહોંચ આપનાર :
icici_kpp



દરમિયાન તેઓ સરકારી ગાડી લઈને પ્રજાનાં પૈસે ફરતા હોવાની વાતો વહેતી થઈ હતી. અને મેયરની કાર ઉપર કપડાં સુકવેલા હોવાના ફોટાઓ પણ વાયરલ થયા હતા. જે-તે સમયે સ્ટેન્ડિંગ ચેરમેને નિયમ મુજબ તેઓ માત્ર રૂ. ૨ પ્રતિકિમી ચૂકવી ગુજરાત બહાર જઈ શકે છે, તેવી વિગતો આપી હતી. જેને લઈને વિપક્ષ કોંગ્રેસ અને આપ દ્વારા પણ વિરોધ પ્રદર્શનો કરાયા હતા જોકે મેયરે પોતે રૂ.૧૦ ચૂકવનાર હોવાનું જણાવ્યું હતું.

ગઈકાલે મોડીરાત્રે મેયર મહાકુંભનાં આ પ્રવાસમાંથી પરત ફર્યા હતા. જેને પગલે નિયમ મુજબ આજે તેમની કાર ફાયર વિભાગમાં જમાં કરાવવામાં આવી હતી. જ્યાં તેમની કાર કુલ ૩૪૭૮ મીટર ચાલી હોવાનું સામે આવતા પ્રતિકિમી રૂ. ૧૦ લેખે ૩૪,૭૮૦ રૂપિયાનું બિલ આપવામાં આવ્યું હતું. આ બિલ તરત જ ભરી દેવામાં આવ્યું હતું. જોકે પ્રવાસથી થાકેલા મેયર આજે મહાનગરપાલિકા કચેરીએ આવ્યા નહોતા. તેમજ કાર ફાયર વિભાગ દ્વારા જમા લેવામાં આવી હોવાથી મનપા કચેરીમાં તેઓની કાર પણ જોવા મળી નહોતી. આવતીકાલથી મેયર રાબેતા મુજબ પોતાની ઓફિસમાં આવે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, મેયરના મહાકુંભ પ્રવાસ દરમિયાન તેમની કાર ઉપર કપડાં સુકાતા હોવાના ફોટાઓ સામે આવ્યા હતા. તેમજ મેયર રૂ. ૨ પ્રતિકિમી ચૂકવવાના હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઈને વિપક્ષ દ્વારા આ પ્રવાસનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમજ લોકોમાં પણ પ્રજાના પૈસે મેયર જાત્રા કરવા ગયા હોવાની વાતો વહેતી થઈ હતી. જોકે મેયરે પરત ફરતાની સાથે તેમની કાર નિયમ મુજબ જમા કરાવીને રૂ. ૧૦ પ્રતિકિમી લેખે ૩૪,૭૮૦નું બિલ ચૂકવી દીધું છે. આમ છતાં આગામી ૧૯ ફેબ્રુઆરીએ મળનાર જનરલ બોર્ડમાં વિપક્ષ આ મુદ્દાને ઉઠાવે તેવી પૂરતી શક્યતા છે.

# MSCIમાં મોટા ફેરફારની તૈયારી, ભારતમાં ૧ અબજ ડોલરનું વિદેશી રોકાણ આવશે

અમદાવાદ વૈશ્વિક ઈન્ડેક્સ પ્રોવાઈડર એમએસસીઆઈએ ફેબ્રુઆરી મહિના માટે તેના સૂચકાંકોમાં ફેરફારની જાહેરાત કરી છે. આ ફેરફારો ૨૮ ફેબ્રુઆરીએ બજાર બંધ થયા પછી અમલમાં આવશે. આ ફેરફારના ભાગ રૂપે હ્યુન્ડાઇ મોટર ઈન્ડિયા લિમિટેડને એમએસસીઆઈના ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં સામેલ કરવામાં આવી શકે છે. ફેબ્રુઆરી સમીક્ષામાં એમએસસીઆઈ દ્વારા તેના વૈશ્વિક માનક સૂચકાંકમાં સમાવિષ્ટ થનાર આ એકમાત્ર ભારતીય લાર્જ-કેપ સ્ટોક હશે. હ્યુન્ડાઇ મોટરની સામે અદાણી ગ્રીન લિમિટેડના શેરને ઈન્ડેક્સમાંથી દૂર કરવામાં આવ્યા છે.

હ્યુન્ડાઇ ઈન્ડિયા ઉપરાંત એમએસસીઆઈ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં ઘણા ભારતીય શેરોનું વેઈટેજ વધ્યું છે. તેમાં




ઈન્ડસઈન્ડ બેંક, ઝોમેટો લિમિટેડ, વરુણ બેવરેજીસ લિમિટેડ, મેનકાઈન્ડ ફાર્મા લિમિટેડ, ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ, ડિક્સન ટેકનોલોજીસ (ઈન્ડિયા) લિમિટેડ, પીબી ફિનટેક લિમિટેડ, અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ અને વોલ્ટાસ લિમિટેડનો સમાવેશ થાય છે.સામે પક્ષે તે શેરમાં વેઈટેજ સૌથી વધુ ઘટયું છે તેમાં અદાણી ગ્રીન એનર્જી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, ઈન્ફોસિસ, આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો અને એક્સિસ બેંકનો સમાવેશ થાય છે.

આ ફેરફાર બાદ એચડીએફસી બેંક હવે ભારતીય શેરોમાં એમએસસીઆઈ ઈન્ડેક્સમાં સૌથી વધુ વેઈટેજ ધરાવતો સ્ટોક બની ગયો છે. આ પછી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસિસ અને ભારતી એરટેલનો ક્રમ આવે છે.

સ્મોલ-કેપ સેગમેન્ટમાં એમએસસીઆઈ ઈન્ડેકસે ૧૯ ભારતીય શેર ઉમેર્યા અને ઈન્ડેક્સમાંથી તેટલા જ શેર દૂર કર્યા. ટોચના ૧૦ નવા શેરોમાં જ્યોતિ સીએનસી, ઓલા, કાર ટ્રેડ, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટીબીઓ ટેક, વેબસોલ એનર્જી, ઝેગલ પ્રીપેડ, શૈલી એન્જિનિયરિંગ, કોવાઈ મેડિકલ અને ગ્રીવ્સ કોટન લિમિટેડનો સમાવેશ થાય છે. નુવામા અલ્ટરનેટિવ એન્ડ કોન્ટિટેટિવ રિસર્ચના એક અહેવાલ મુજબ એમએસસીઆઈના ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં જે ભારતીય શેરોનું વેઈટેજ વધ્યું છે તેઓ લગભગ ૮૫ કરોડથી ૧ અબજ ડોલર એટલેકે અંદાજે ૮૫૦૦ કરોડ આસપાસના પેસિવ ઈન્વેસ્ટમેન્ટને આકષત કરી શકે છે. તેમાંનો સૌથી મોટો લાભાર્થી હ્યુન્ડાઇ હશે, જેમાં લગભગ ૨૫ કરોડ ડોલરનું રોકાણ અપેક્ષિત છે.

## એસ.ટી.ડી., પી.સી.ઓ.ના સંચાલકને રજિસ્ટર નિભાવવા અંગે હુકમ

રાજકોટઃ કોઈન કલેકશન બોક્સ, પબ્લિક એસ.ટી.ડી.-પી.સી.ઓ. બુથ પરથી રાજકોટ ગ્રામ્ય -જિલ્લામાં થતા વિવિધ ગુનાઈત કૃત્યો અટકાવવા તથા જાહેર સલામતી તેમજ કાયદો વ્યવસ્થા જાળવવાના આશયથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એ.કે.ગૌતમે નીચે મુજબના આદેશો જારી કર્યા છે, જે મુજબ કોઈન કલેક્શન બોક્સ, એસ.ટી.ડી./પી.સી.ઓ./આઈ.એસ.ડી. ધારકો તથા સર્વિસ પ્રોવાઇડર્સ (૧) ભારત સંચાર નિગમ લિ. (૨) રિલાયન્સ કોમ્યુકનિકેશન લિ. (૩) ભારતી એરટેલ લિ. (૪)ટાટા ટેલી સર્વીસ લિ. (૫) આઇડીયા સેલ્યુલર લિમિટેડ તથા અન્ય જે કોઇપણ કંપની ફ્રેન્ચાઇઝીથી અૅસ.ટી.ડી./પી.સી.ઓ./આઇ.એસ.ડી. અને કોઇન બોક્સની સુવિધા પુરી પાડતી હોય, તેમણે કોઇન બોક્સ એસટીડી/પીસીઓ ઉપર ફોન કરવા આવનાર વ્યક્તિની (કોલરની) ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે, માલિક /સંચાલક/ફ્રેન્ચા.ઈઝી હોલ્ડરે કોલર વ્યકિતનું રજિસ્ટર નિયત નમૂનામાં નિભાવવાનું રહેશે.

## રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સામાન સાથેના વાહનો બિનવારસી મુકવા પર પ્રતિબંધ

રાજકોટઃ ગુજરાત રાજયમાં આતંકવાદી સંગઠનો દ્વારા ભૂતકાળમાં થયેલા બોમ્બ વિસ્ફોટોના બનાવોને ધ્યાનમાં લઈને જનતાની સુરક્ષા માટે રાજકોટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એ.કે.ગૌતમ દ્વારા પ્રતિબંધાત્મક આદેશ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જાહેર રસ્તા/રોડ, ફુટપાથ, શેરી/ગલી પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાત રીતે) ટીફીન બોક્સ અથવા અન્ય સામાન સાથેના સાયકલ તથા ટુ-વહીલર, ફોર-વ્હીલર વાહનો બિનવારસી મુકવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જો કોઈ સામાન સાથેના વાહનો બિનવારસી હાલતમાં મળી આવશે તો તે પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકાશે. આ હુકમ તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

### મહા સુદ પૂનમને જન્મેલા સંત શિરોમણી ગુરૂ રવિદાસ જયંતિ નિમિતે

# રાજકોટ શહેર ભાજપ અનુસુચિત જાતી મોરચા દ્વારા પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાયો

### રાજકોટના પૂર્વ કોર્પોરેટર અને દંડક, પ્રદેશ અગ્રણી અનામત સેલના શામજીભાઈ ચાવડા દ્વારા પૂષ્પાંજલી કરાઈ

રાજકોટઃ ભારતના વડાપ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદીની સરકાર કેન્દ્રમાં કાર્ય કરી રહી છે ત્યારે ભાજપ સરકારે ઈતિહાસના મહાન વૈજ્ઞાનિક, પ્રતિષ્ઠિત વ્યકિતઓ તેમજ વિસરાઈ ગયેલ ભારતના નિર્માણમાં જેમણે યોગદાન આપેલ છે તેમને સામાન્ય નાગરિક સુધી તેમને ઉજાગર કરવા માટે તેમની જન્મ જયંતિ કે પૂણ્યતિથિ ઉજવવાની પરંપરા ભારતીય જનતા પાર્ટીની રહી છે. આપણા ભારત દેશમાં ગુરૂ પરંપરાનું અનેરું મહત્વ રહ્યુ છે. ભારતની ભૂમિ અનેક પૂજ્ય સંતો મહંતોની ભૂમિ રહી છે અને આ તમામ સંતોમાં સંત શિરોમણી ગુરૂ રવિદાસજી મહારાજ એક ધ્રુવ તારા સમાન ગણાય છે. તેઓએ સાંસારિક જવાબદારીઓ





નિભાવવાની સાથો સાથ સમાજમાં વ્યાપેલા કુરિવાજો સામે સમાજમાં જાગૃતિ ફેલાવી હતી.

૧૫મી સદીની શરૂઆતમાં મહા મહિનાની પૂનમે જન્મેલા સંત શિરોમણી ગુરૂ રવિદાસજીની ૬૪૮મી જન્મજયંતિ નિમિતે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ અને શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, તેમજ પ્રદેશ અગ્રણી શામજીભાઈ ચાવડાની આગેવાનીમાં અનુસુચિત શહેર ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સંત શિરોમણી ગુરુ રવિદાસજી ની ૬૪૮ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી, સંત રવિદાસજીના બેનર સાથે રાજકોટના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા નું આયોજન કરેલ હતું આ તકે મહેશ રાઠોડ, શામજીભાઈ ચાવડા, રતાભાઈ

પરમાર, સંજય બગડા, અજય વાઘેલાએ સહિત ઉપસ્થિત અનુસુચિત જાતિ મોરચાના કાર્યકર્તાઓએ પુષ્પાંજલિ અર્પણ કરી અને પૂજન કરેલ હતું અને ત્યારબાદ રાજકોટ મહાનગરપાલિકા ના પૂર્વે દંડક આદરણીય શ્રી શામજીભાઈ ચાવડાએ એમના જીવન વિષે વક્તવ્ય આપ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે મધ્યપ્રદેશના સાગર ખાતે ૧૦૦ કરોડના ખર્ચે સંત રવિદાસજીના ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે જેનું ભૂમિપૂજન દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબે કર્યું છે તેમજ સંત રવિદાસજી જે પ્રકારની સમાજની કલ્પના કરતા હતા તેજ દિશામાં દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ'' સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'' સાથે કાર્ય કરી રહ્યા છે.

# હિરાસરના હવાઈ મથકનું નામકરણ આદ્યકવિ નરસિંહ મહેતા કરવા માંગ

### અખિલ ભારતીય નાગરપરિષદ દ્વારા કલેકટર તંત્રને આવેદનપત્ર

રાજકોટઃ હિરાસરના આંતરરાષ્ટ્રીય હવાઈમથકનું નામકરણ આદ્યકવિ નરસિંહ મહેતા કરવા માંગણી ઉઠાવી અખિલ ભારતીય નાગર પરિષદ દ્વારા અગ્રણી હેમાંગભાઈ વસાવડાની આગેવાની હેઠળ આજે જિલ્લા કલેકટર મારફત વડાપ્રધાનને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

આ અંગે અગ્રણી હેમાંગભાઈ વસાવડા અને અખિલ ભારતીય નાગર પરિષદના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે હિરાસરના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકને આદ્યકવિ નરસિંહ મહેતાનું નામકરણ કરવા અખિલ ભારતીય નાગર પરિષદ, અનંતજી નાગર બોર્ડીંગ ટ્રસ્ટ, હાટકેશ્વર સંસ્થા,



પંચનાથ ટ્રસ્ટ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ નાગર યુવક મંડળ નૃસિંહ ફાઉન્ડેશન દ્વારા ઠરાવ પસાર કરી માંગણી દોહરાવાઈ છે. કવિનરસિંહ મહેતાજીના વિચારો એક સામાજીક ક્રાંતી સમાન હતા.તેના દ્વારા રચાયેલાં પદો, ભજનો, જીવન ફિલસુફીની વાતો, જીવન નિવારણ, નાતજાતની વાડા અવગણના, લક્ષ્ય માટે સંપૂર્ણ સર્મપણની વિચારધારા મન વચન કર્મની ઉચ્ચતમ શૈલી બતાવતી વાતો, સમાજમાં પ્રસ્થાપિત કરવામાં નરસિંહ મહેતાનો સિંહફાળો છે.તે આર્ય સંસ્કારના મશાલચી છે વિતરાગી છે.ચૌદમી સદીમાં જયારે હિન્દુત્વ ભયમાં હતું.ત્યારે ભકિતમય પ્રચારથી સંસ્કૃતીનું રક્ષણ કરવા નરસિંહ મહેતાએ અમુલ્ય યોગદાન આપેલ છે. જેથી હિરાસરના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકને કવિ નરસિંહ મહેતા નામકરણ કરવા તેઓએ માંગણી કરી છે.

## પ્રિતનું પાનેતરઃ ઉમા સારથી ફાઉન્ડેશન-રાજકોટ દ્વારા સમૂહ લગ્નોત્સવ




રાજકોટઃ રાજકોટનાં ઉમા સારથી ફાઉન્ડેશન દ્વારા તા. ૨૪-૫-૨૦૨૫ને શનિવારના રોજ કડવા પટેલ પરિવારની દીકરીઓનાં સમૂહ લગ્નોત્સવનું રાધિકા ફાર્મ, પરસાણા ચોક, ૧૫૦ ફૂટ ન્યૂ રિંગ રોડ ખાતે આયોજન કરાયું છે. રજીસ્ટ્રેશન માટે ૮૪૮૭૮ ૨૪૫૨૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. દિકરીયો ને ૧૧૧ થી વધુ વૈભવી વસ્તુઓ આપવામાં આવશે.અને ખૂબ જ સુંદર રીતે આ લગ્ન નું આયોજન કરવામાં આવછે. સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા જ્યોતિબેન ટીલવા, કિશન ટીલવા,બંટી પટેલ, રીકેન વાછાણી, ચેતન ભૂત, રવિ ચાંગેલા, કાન્તિભાઈ ઘેટીયા ,બીપીનભાઈ બેરા,રજની ગોલ,ચેતન પાણ, પ્રતાપ સિનોજીયા,કૌશિક ગોવાણી, પિયુષ સીતાપરા, સંદીપ કાલરીયા,રસિક ખીરસરીયા,તુષાર વાછાણી,ડેની ડઢાણીયા,હિરેન પાચાણી અને સમગ્ર માં ઉમા સારથી ફાઉન્ડેશનના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યાં છે.આ કાર્યક્રમ ને કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ અને શ્રેષ્ટીયું ના આગેવાની ના હેઠળ માં કાર્યક્રમ ને સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવશે.

# બોગસ દસ્તાવેજ કૌભાંડમાં આઠ નોંધ રીવીઝનમાં લેતા કલેકટર નોટીસો ફટકારાઈ

## ૧૭ પૈકીના ૮ દસ્તાવેજ તપાસના અંતે શંકાસ્પદ અને ફેરફાર કરાયાનું ખુલતા સીટી પ્રાંત-૧ અધિકારીના રિપોર્ટ બાદ ધડાધડ પગલાં

રાજકોટ,તા.૧૩

રાજકોટમાં બોગસ દસ્તાવેજ કૌભાંડ ધણધણી ઉઠતાં ખળભળાટ મચી જવા પામેલ હતો. આ પ્રકરણમાં પ્રાથમિક તબકકે ૧૭ જેટલા દસ્તાવેજ બોગસ થયાનું ખુલ્યું હતું. પરંતુ તપાસના અંતે આઠ દસ્તાવેજોમાં ફેરફાર કરાયાનું બહાર આવતા કલેકટર પ્રભવ જોશીએ આ આઠ દસ્તાવેજોની નોંધ રીવીઝનમાં લઈ નોટીસો ફટકારી દીધી છે.

ગત ડીસેમ્બર-૨૦૨૪માં આ બોગસ દસ્તાવેજ કૌભાંડ ખુલતા કલેકટર પ્રભવ જોશીએ તપાસના આદેશ આપેલ હતા.તેમજ આ પ્રકરણમાં સીટીપ્રાંત -૧ અધિકારી ચાંદની પરમારને તપાસ સોંપવામાં આવી હતી. જે બાદ તપાસ રિપોર્ટ સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા કલેકટર પ્રભવ જોશીને સોંપવામાં આવેલ હતો.

આ કૌભાંડમાં તપાસના અંતે આઠ દસ્તાવેજોમાં ફેરફાર કરાયાનું બહાર આવેલ છે. આ શંકાસ્પદ દસ્તાવેજોની નોંધ રીવીઝનમાં લઈ કલેકટર પ્રભવ જોશી દ્વારા નોટીસો ફટકારવામાં આવી છે.અહીંએ પણ ઉલ્લેખનીય છે કે આકૌભાંડ ખુલતા ગત ડીસેમ્બર-૨૦૨૪માં પોલીસે દસ્તાવેજ નોંધણી ભવનમાં દરોડો પાડી હંગામી કર્મચારી જયદીપ ઝાલાની ધરપકડ કરવામાં આવી હતી.

ત્યારબાદ કોન્ટ્રાક્ટર હર્ષ સોની અને કારકુન મનીષ મહેરબાની પણ ધરપકડ કરવામાં આવી હતી આ પ્રકરણમાં મુખ્ય



આરોપી કિશન ચાવડા હજુ પણ ફરાર છે. દરમિયાન આ બોગસ દસ્તાવેજ કૌભાંડ સીટી પ્રાંત ૧ ડોક્ચાંદની પરમાર દ્વારા તપાસ હાથ ધરી હતી આઠ જેટલી નોંધો પ્રમાણિત થયા હોવાનું બહાર આવતા આ તમામ નોંધ રિવિઝનમાં લેવા કલેક્ટરને રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

દરમિયાન જિલ્લા કલેકટર પ્રભાવ જોશીએ જણાવ્યું હતું કે આઠ જેટલી નોંધ જે તે પાર્ટીને સાંજ સુધીમાં નોટિસ આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧) સીટી સર્વે કચેરી રાજકોટ-૧ ના વોર્ડ ટી.પી.૧૬ ના સી.સ.નં.૩૨૦૦૦૪ માં બોગસ દસ્તાવેજ નં.૧૪૬૪, ૧૧૦૫ તથા ૧૯૧૪ આધારે થયેલ હકકચોકસીનો ઠરાવ રીવીઝનમાં લેવામાં આવશે, (૨) સીટી સર્વે કચેરી રાજકોટ-૧ ના વોર્ડ રૈયા ટી.પી.૬ ના સી.સ.નં.૧૪૦ માં બોગસ દસ્તાવેજ નં. ૧૨૨૪ આધારે થયેલ હકકચોકસીનો ઠરાવ રીવીઝનમાં લેવામાં આવશે, (૩) સીટી સર્વે કચેરી રાજકોટ-૧ ના વોર્ડ ૧૬/૨ ના સી.સ.નં.૩૩૨૯/૯/અ માં બોગસ દસ્તાવેજ નં.૧૨૯૪ આધારે દાખલ થયેલ કુલ ૩ નોંધો રીવીઝનમાં રીવીઝનમાં લેવા માં આવશે (૪) સીટી સર્વે કચેરી રાજકોટ-૧ ના વોર્ડ ૧૬/૨ ના સી.સ.નં.૯૩ માં બોગસ દસ્તાવેજ નં. ૧૪૪૨ આધારે દાખલ થયેલ કુલ ૩ નોંધો રીવીઝનમાં રીવીઝનમાં લેવામાં આવશે છે (૫) સીટી સર્વે કચેરી રાજકોટ-૧ ના વોર્ડ ૧૬/૨ ના સી.સ.નં.૩૭૪૧ માં બોગસ દસ્તાવેજ નં.૧૪૦૨ આધારે દાખલ થયેલ કુલ ૨ નોંધો રીવીઝનમાં લેવા માં આવશે (૬) સીટી સર્વે કચેરી રાજકોટ-૧ ના વોર્ડ રૈયા ટી.પી.૬ના સી.સ.નં.૧૪૦ માં બોગસ દસ્તાવેજ નં.૧૪૦૩ આધારે દાખલ થયેલ કુલ ૨ નોંધો રીવીઝનમાં લેવામાં આવશે છે.

## રાજકોટ ગ્રામ્ય વિસ્તારોમાં મકાન ભાડે આપતા પહેલા સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા સૂચના

રાજકોટઃ રાજકોટ ગ્રામ્ય વિસ્તારોમાં આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા અને બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આવતા અને કોઈનું મકાન ભાડે રાખીને રહેતા અસામાજિક તત્વોની અનિચ્છનીય પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે આપતા માલિકો માટે રાજકોટના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એ.કે.ગૌતમે નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમ ફરમાવેલ છે.

કોઈ ઔદ્યોગિક એકમો/મકાનો ભાડે આપે ત્યારે સંબંધિત પોલિસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહીં. ભાડે આપનાર તથા રાખનાર વ્યક્તિએ નોટરી પાસે જરૂરી કરાર કરાવવાના રહેશે. ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને જેઓએ ભાડુઆતની ઓળખાણ આપી હોય તે તમામની જરૂરી વિગતો નિયત કરેલા પત્રકમાં ભરી સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવાનું રહેશે. મિલકત ખાલી કરવામાં આવે ત્યારે પણ લેખિતમાં પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે. સિંગલ યુવક કે યુવતીને મિલકત ભાડે પવાની થાય ત્યારે તેના વાલીનો સંમતિ પત્ર મેળવી સામેલ કરવાનો રહેશે. ભાડે રાખનારે તેનું ડ્રાઈવિંગ લાઇસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજૂ કરવાના રહેશે.

### રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સામાન સાથેના વાહનો બિનવારસી મુકવા પર પ્રતિબંધ

રાજકોટઃ ગુજરાત રાજયમાં આતંકવાદી સંગઠનો દ્વારા ભૂતકાળમાં થયેલા બોમ્બ વિસ્ફોટોના બનાવોને ધ્યાનમાં લઈને જનતાની સુરક્ષા માટે રાજકોટ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એ.કે.ગૌતમ દ્વારા પ્રતિબંધાત્મક આદેશ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જાહેર રસ્તા/રોડ, ફુટપાથ, શેરી/ગલી પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાત રીતે) ટીફીન બોકસ અથવા અન્ય સામાન સાથેના સાયકલ તથા ટુ-વહીલર, ફોર-વ્હીલર વાહનો બિનવારસી મુકવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જો કોઈ સામાન સાથેના વાહનો બિનવારસી હાલતમાં મળી આવશે તો તે પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકાશે. આ હુકમ તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

## એક દિવસની રેકોર્ડ લિક્વિડિટી : બેંકિંગ સિસ્ટમમાં રૂ.૨,૫૦,૦૦૦ કરોડ ઠલવાયા

મુંબઈ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ (આરબીઆઈ)એ અમેરિકી ડોલર સામે રૂપિયાના ઐતિહાસિક ધોવાણને અટકાવવા બે દિવસમાં જંગી પ્રમાણમાં ડોલરો વેચીને રૂપિયાની પડતી અટકાવવાના પ્રયાસ કર્યા બાદ હવે બેંકિંગ સિસ્ટમમાં પ્રવાહિતા-લિક્વિડિટી વધારવા માટે એકાએક વેરિયેબલ રેટ રેપો ઓકશન દ્વારા રૂ.૨,૫૦,૦૦૦ કરોડ ઠાલવવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈ દ્વારા એક વર્ષમાં એક જ દિવસમાં આ સૌથી મોટું લિક્વિડિટી વધારવાનું ઓપરેશન હશે. છેલ્લા બે દિવસમાં ફોરેન એક્સચેન્જ માર્કેટમાં મોટાપાયે હસ્તક્ષેપ કર્યા બાદ આરબીઆઈએ આજે બુધવારે રાતોરાત બેંકિંગ સિસ્ટમમાં રેકોર્ડ રૂ.૨.૫ લાખ કરોડની લિક્વિડિટી વધારવાનો નિર્ણય લીધો હતો. આરબીઆઈ આ લિક્વિડિટી વેરિયેબલ રેટ રેપો ઓક્શન દ્વારા ઠાલવશે, જે એક વર્ષમાં સૌથી મોટું પ્રવાહિતા વધારવાનો નિર્ણય છે.૧૦, ફેબ્રુઆરીના રોજ ભારતની બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી ડેફિસિટ એક સપ્તાહ કરતાં પણ ઓછા સમયમાં ચાર ગણી વધીને રૂપિયા બે લાખ કરોડ આસપાસ થઈ ગઈ હતી. જેમાં ટેક્ષ આઉટફ્લો અને સેન્ટ્રલ બેંક દ્વારા આક્રમક ડોલરના જંગી વેચાણ એ કારણો પ્રમુખ રહ્યા હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. ડોલર સામે રૂપિયાને સતત નબળો પડતો અટકાવવા ફોરેક્સ માર્કેટમાં આરબીઆઈએ સોમવારે ચાર અબજ ડોલરથી સાત અબજ ડોલરનું વેચાણ કર્યું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની દરમિયાનગીરી અને હવે લિક્વિડિટી વધારવાના નિર્ણય વચ્ચે આજે રૂપિયો ફરી નબળો પડયો હતો.

# સતત ત્રીજા દિવસે હેલ્મેટ ડ્રાઇવમાં દોઢ કલાકમાં ૭૪ સરકારી કર્મચારીઓ દંડાયા

## ૩૭૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો

રાજકોટ, તા.૧૩

રાજકોટમાં આજે કચેરીઓ બહાર સતત ત્રીજા દિવસે હેલ્મેટ ડ્રાઇવમાં દોઢ કલાકમાં ૭૪ સરકારી કર્મચારીઓ દંડાયાં હતા. ૩૭૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

ડીજીપી વિકાસ સહાયે આદેશ કરેલ જેમાં ગુજરાત રાજયના તમામ સરકારી અધિકારી/કર્મચારીઓ રાજયના જવાબદાર નાગરિક તરીકે ઓળખ ધરાવે છે. તેઓ બીજા નાગરિકો માટે રોલ મોડલ બને તેવી તેમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

સરકારી કર્મચારીઓ દ્વારા તમામ નિયમોનું પાલન થાય તે અપેક્ષિત છે અને જરૂરી પણ છે. જેથી સરકારી અધિકારીઓ



અને કર્મચારીઓ હેલ્મેટના નિયમનું પાલન કરે તે માટે તા. ૧૧/૨/૨૦૨૫થી ગુજરાત રાજયના તમામ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફીક પોલીસનું ડીપ્લોયમેન્ટ કરી અસરકારક કાર્યવાહી કરાવવા સુચના અપાઈ હતી.

જેથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, એડિશનલ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ટ્રાફિક પૂજા યાદવની રાહબરી હેઠળ રાજકોટ શહેરની જુદી - જુદી સરકારી કચેરી બહાર હેલ્મેટ નહીં પહેરેલા ટ્રાફિક એસીપી જે. બી. ગઢવીની રાહબરીમાં પીઆઇ જે. એસ. ગામીત, એમ.જી. વસાવા, એસ. એન. રાઠોડ, એમ. ડી. ગઢવી તેમજ તેઓની જુદી જુદી ટીમે સરકારી કચેરીઓ બહાર ડ્રાઇવ યોજી બાઈક પર હેલ્મેટ વગર આવતા સરકારી અધિકારી, કર્મચારીઓને દંડ ફટકરવાની કામગીરી કરી હતી. જેમાં પ્રથમ દિવસે ૨૭૦ બાઈક ચાલકને સામે કેસો, જે પછી બીજા દિવસે ૨૨૭ કેસ કરાયા અને આજે સવારે દોઢ કલાકની ડ્રાઇવમાં ૭૪ કેસ કરી દંડ વસુલવામાં આવ્યો હતો.

## સ્થાનિક સ્વરાજની ચુંટણી અન્વયે શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સૂચના

રાજકોટઃ રાજયની મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ના રવિવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજાશે. સ્થાનિક સ્વરાજની ચુંટણી અન્વયે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ - ૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારીઓ/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

તેમ મદદનીશ શ્રમ આયુકત રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# જેતપુર-નવાગઢ પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોની ચૂંટણીમાં ૧.૦૪ લાખ મતદારો નોંધાયા

## પાલિકાની સામાન્ય ચૂંટણીમાં મતાધિકારીનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ, પાલિકાની ૪૪ બેઠકો માટે ૧૪૦ ઉમેદવારો મેદાનમાં

રાજકોટ જિલ્લામાં જેતપુર-નવાગઢ નગરપાલિકાની ચૂંટણી માટે આગામી ૧૬મીએ મતદાન થનાર છે, ત્યારે સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ચૂંટણીમાં ૧૧ વોર્ડમાં કુલ ૧,૦૪,૫૫૯ મતદારો નોંધાયા છે. રાજકોટ જિલ્લામાં નગરપાલિકાઓની ચૂંટણી મુક્ત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં યોજવા જિલ્લા નોડલ અધિકારી નિવાસી અધિક કલેક્ટર શ્રી એ.કે. ગૌતમના માર્ગદર્શનમાં કામગીરી ચાલી રહી છે. જેતપુર-નવાગઢ પાલિકામાં હાલ રિટર્નિંગ ઓફિસરો શ્રી રાહુલ ગમારા (વોર્ડ ૧થી ૬) તથા શ્રી જય ગોસ્વામી (વોર્ડ ૭થી ૧૧) માર્ગદર્શનમાં ચૂંટણીમાં મતદાન માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

જેતપુર નવાગઢ પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોમાં ૧૫ બેઠકો સામાન્ય છે. જ્યારે ૦૬ બેઠકો પછાત વર્ગ સ્ત્રી, ૦૧ બેઠક અનુ. જાતિ સ્ત્રી, ૧૫ બેઠકો સામાન્ય સ્ત્રી, ૦૬ બેઠકો પછાત વર્ગ તેમજ ૦૧ બેઠક અનુ. જાતિ વર્ગ અનામત છે.

આ પાલિકાના ૧૧ વોર્ડ વિસ્તારમાં કુલ ૧,૦૪,૫૫૯ મતદારો નોંધાયા છે. જેમાં વોર્ડ-૧માં ૯૨૮૭, વોર્ડ-૨માં ૯૮૨૮, વોર્ડ-૩માં ૯૬૪૬, વોર્ડ-૪માં ૧૦૨૭૫, વોર્ડ-૫માં ૮૭૪૮, વોર્ડ-૬માં ૯૧૯૬, વોર્ડ-૭માં ૭૩૨૩, વોર્ડ-૮માં ૯૧૪૮, વોર્ડ-૯માં ૧૦૩૯૫, વોર્ડ-૧૦માં ૯૪૦૫, વોર્ડ-૧૧માં ૧૧૩૦૮ મતદારો નોંધાયા છે. આ ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મહત્ત્વનું છે કે, ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે ૪૦ વ્હીલચેરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.પાલિકા વિસ્તારમાં કુલ ૧૧ વોર્ડમાં ૧૧૮ મતદાન મથકો છે. જેમાંથી ૯૭ સંવેદનશીલ મતદાન મથકો છે. આ ચૂંટણીમાં કુલ ૧૧ વોર્ડમાં ૧૪૦ ઉમેદવારો મેદાનમાં છે. આ ચૂંટણીમાં કુલ ૬૮૬ ચૂંટણી સ્ટાફને ફરજ સોંપવામાં આવી છે. આ ચૂંટણીમાં આદર્શ આચારસંહિતાનું પાલન કરતા ૭૦ જેટલા પોસ્ટર, બેનર, ધ્વજ દૂર કરવામાં આવ્યા છે.

# જેતપુરમાં સામાન્ય ચૂંટણીમાં કદાવર નેતાઓ મેદાને, આપ નેતા ઈશુદાન ગઢવીએ સભા સંબોધી

આગામી ૧૬ ફેબ્રુઆરીએ ચૂંટણીનું મતદાન અને ૧૮ ફેબ્રુઆરીએ ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું છે. તે વચ્ચે હવે જેતપુરમાં આમ આદમી પાર્ટી દ્વારા પ્રચાર પ્રસાર ચાલી રહ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જેતપુરમાં સભા સંબોધી હતી અને ભાજપ ઉપર ગંભીર આક્ષેપો કર્યા હતાં.

જેતપુર શહેરમાં આમ આદમીની જાહેર સભા યોજી જેતપુર શહેરમાં વર્ષોથી ભાજપનું શાસન રહ્યું. પરંતુ વિકાસના કામો નથી થયા રોડ પાણી અત્યારના ભ્રષ્ટાચાર ચરણ સીમાએ છે ધૂળની ડમરીઓ ઉડે ૩૦ વર્ષ થયા ભાજપનો શાસન રહ્યું છે અને ત્રીસ વર્ષમાં કોઈ કામો નથી થયા ઈશુદાન ગઢવી એ કહ્યું હજુ પણ ચૂંટણીઓ લડવી અને બિનહરીફ કરાવવા ઉમેદવારોને ફોર્મ ખેચાવા આમ આદમી પાર્ટીના ઉમેદવારને ધમકીઓ મારવી અમારા ઉમેદવારોને પૈસાની



લાલચો આપવી તમારી પાસે એટલા નાણા છે તો એના માટે તમને જનતા માટેનો પ્લાન આપી દવ કઈ રીતે સારી એવી કામગીરી કરી શકાય રોડ બનાવી શકાય વ્યવસ્થા બનાવી શકાય મારી જનતાને અપીલ છે આ લોકો ડરાવે છે ધમકાવે છે ખરીદી લે છે બે નંબરના ધંધા કરે છે બે નંબરના નાણા ભેગા કર્યા છે તો આને ઘરે બેસાડી દો તો જાડું ને આમ આદની પાર્ટી ના નિશાનને મત આપો ને અમારા આમ આદમી પાર્ટીના સભ્યોને જીતાડો તમને વિશ્વાસ આપી છે તમારા માટે સતત પાંચ વર્ષ જાગીને લડશે

# 14 ફેબ્રુઆરી



# ભારતના ઈતિહાસનો કાળો દિવસ, આતંકી હુમલામાં ભારતે ગુમાવ્યા ૪૦ જાંબાઝ જવાનો

સમગ્ર દુનિયા ૧૪ ફેબ્રુઆરીના રોજ પ્રેમનું પર્વ, વેલેન્ટાઈન ડે ઉજવતો હોય છે પરંતુ ભારત માટે આ કાળો દિવસ હતો. ભારતના જન્નત ગણાતા ઉંઁના પુલવામામાં થયેલ હુમલાને કારણે આજનો દિવસ ભારત માટે 'બ્લેક ડે' તરીકે ઓળખાય છે. વિશ્વએ ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે ઉજવ્યો હોવા છતાં, પુલવામા હુમલાને કારણે આજનો દિવસ ભારત માટે 'બ્લેક ડે' તરીકે ઓળખાય છે. પુલવામા હુમલો ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ થયો હતો, જે આજે આતંકવાદી હુમલાની છઠી વરસી છે. ૬ વર્ષ પહેલા આ દિવસે, આપણા ટીવી સ્ક્રીન પર ૪૦ CRPF અધિકારીઓની શહીદીના સમાચારે સમગ્ર દેશના હૃદયને કંપાવી નાંખ્યુ હતુ. વર્ષ ૨૦૧૯માં, આતંકવાદીઓ દ્વારા સુરક્ષા કર્મચારીઓ પરના ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લામાં આતંકવાદીઓએ CRPF (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ)ના જવાનોની બસને વિસ્ફોટક ભરેલા વાહનથી ટક્કર મારી હતી. આ હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા. આ હુમલો કેટલો ઘાતક હતો, તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આ વિસ્ફોટનો અવાજ ૧૦ કિલોમીટરની ત્રિજ્યા સુધી સંભળાયો હતો. આ હુમલાના સમાચાર સામે આવતા જ દરેક ભારતીયની આંખ નમ થઇ ગઇ હતી.

આ હુમલો પુલવામા જિલ્લાના અવંતીપોરા પાસેના લેથપોરા વિસ્તારમાં થયો હતો. પાકિસ્તાન સ્થિત ઈસ્લામિક આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદે હુમલાની જવાબદારી લીધી છે. પુલવામા હુમલાના ૧૨ દિવસમાં ભારતે પણ બદલો લઈ લીધો. વાયુસેનાએ પાકિસ્તાનની અંદર બાલાકોટમાં આતંકીઓના ઠેકાણા પર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. આ હુમલામાં જૈશના લગભગ ૩૦૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા.




**પુલવામા**

આતંકી હુમલામાં શહીદ થયેલ બહાદુર જવાનોને

**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



# પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

## તમે કોના નસીબનું પામ્યા છો એ તમને પણ નથી ખબર એટલે કોઈ દિવસ કોઈ વાત કે વ્યક્તિનું અભિમાન ન રાખવું.. કર્મો પ્રત્યે સજાગ રહીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

**2 BHK Flats**
**618 Carpet**

**3 BHK Flats**
**824 Carpet**

**એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...**

**@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot**

Contact : **94038 90004**

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in







નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper

ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY

Design by:- With Me Digital : 9537300305



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062